Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कश्चैतन्यवतां हृदि स्थिरतरं शेते हि साक्षीभवन्
कश्चैतन्यव्रतां हृदि प्रचरति प्रक्षालयंस्तच्छुचम् ।
कं लब्ध्वा मनुजाः स्वकर्मकरणे शक्ता भवन्ति द्रुतम्
आत्मानंद प्रकाशमेव न हि सन्देहोऽत्र वै विद्यते ॥

पु० २५ मुं | वीर सं. २४५४ कार्त्तिक. आत्म सं. ३२ { अंक ४ थो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


१ श्री पार्श्वनाथ जिन स्तुति. ... ८५
२ श्री नेमिनाथ जिन ( ज्ञानपंचमी ) स्तुति. ... ... ... ... ८६
३ नूतन वर्षाशिष ! ... ... ... ८७
४ श्री तीर्थंकर चरित्र. ... ... ८८
५ शुं शुं कर्युं ? ... ... ... ९१
६ केटलाक उपयोगी विचारो ... ९२
७ प्रभु मीलन.... ... ... ... ९७
८ वीरनो पूजन थाळ .. ... ... ९८
९ परीपाटी. ... ... ... ...१०१
१० वर्तमान परिस्थिति. ... ...१०६
११ शिखर परथी द्रष्टिपात. ... ...१०९
१२ यात्रात्याग माटे नम्र सूचना. ...११२
१३ वर्तमान समाचार... ... ...११२


वार्षिक मूल्य रु. १) टपाल खर्च ४ आना.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભા તરફથી અનેક વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકટ થતાં હોવાથી, આ સભાના લાઇફ મેમ્બરો અત્યાર સુધીમાં અનેક ( શુમારે દોઢશો ) ગ્રંથો ભેટ મેળવી એક સારી ધાર્મિક લાયબ્રેરી પોતાને ઘેર કરી શકયા છે જે તેઓશ્રીના લક્ષમાં છે. ગ્રંથો ભેટ આપવાની ઉદારતા આ સભાએ જેવી રાખેલ છે તેવી અન્યે ભાગ્યેજ રાખેલ હોવાથી, જેને લઇને દર માસે અનેક જૈન બંધુઓ નવા લાઇફ મેમ્બર થઇ ગ્રંથોની ભેટનો અને જ્ઞાનોદ્ધારનો લાભ ઉત્સાહપૂર્વક લે છે. વળી દિવસાનુ દિવસ અનેક ગ્રંથો સભા તરફથી તેઓશ્રીને મળતા હોવાથી આર્થિક દ્રષ્ટિએ વિશેષ લાભ ( વ્યાજની ગણત્રીએ ) પણ વધુ છે તે પણ જોઇ શકાય છે; જેથી કોઈપણ જૈન બંધુઓએ આ સભામાં લાઇફ મેમ્બર થઇ:તેવો લાભ વેળાસર લેવાની જરૂર છે. રીપોર્ટ મંગાવી ખાત્રી કરો.

## નીચેના ગ્રંથો ભેટ આપવાના છે.

૧ શ્રી કુમારપાળ પ્રતિબોધ રૂા. ૩-૧૨-૦

૨ આત્મવિશુદ્ધિ ગ્રંથ. રૂા. ૦-૮-૦

૩ આગમાનુસાર મુહપત્તિ નિર્ણય – –

૪ શ્રી નવતત્ત્વ સંક્ષિપ્ત સાર ૦-૨-૦

૫ શ્રી આત્મારામજી જૈન ફ્રી લાઇબ્રેરીનું કકાવાર લીસ્ટ જેમાં ૭૦૦૦) પુસ્તકો સંગ્રહ છે. ) ૦-૧૪-૦

૬ આ સભાનો સં. ૧૯૮૨ ના આસો વદી ૩૦ સુધીનો પાંચ વર્ષનો રીપોર્ટ. – –

૭ જૈન પંચાંગ.

ઉપરના ગ્રંથો માગશર શુદ ૨ થી ધારા પ્રમાણે બહાર ગામના દરેક લાઇફ મેમ્બરો બંધુઓને પોસ્ટેજ પુરતા વી. પી. થી ભેટ મોકલવામાં આવશે જેથી સ્વીકારી લેવા વિનંતિ છે. અત્રેના લાઇફ મેમ્બર બંધુઓને સભાની ઓફીસમાંથી ધારા પ્રમાણે મંગાવી લેવા વિનંતિ છે.

નોટઃ—હવે પછી ઘણા ઉપયોગી મોટા ગ્રંથો છપાય છે, તે પ્રકટ થયે ભેટ આપવાના છે. આત્માનંદ પ્રકાશ માસિકના ટાઇટલ ઉપર જાહેર ખબર વાંચવા ભલામણ છે. કોઇપણ જૈન શ્રીમાને કે જૈન સંસ્થાઓએ આવો સારો ગ્રંથોની ભેટનો લાભ ભુલવાનો નથી. વહેલા લાઇફ મેમ્બર થવાથી વિશેષ લાભ છે.

## અમારૂં જ્ઞાનોદ્ધાર ખાતું.

### નીચેના ગ્રંથો છપાય છે. અને તૈયાર થાય છે.

૧ શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર )

૨ શ્રી વિમલનાથ ચરિત્ર ,,

૩ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ( ભાષાંતર )

૪ શ્રી મહાવીર ચરિત્ર ,,

१ धन्न स्तुति ( संस्कृत )

२ श्री वासुदेव हींडि प्राकृत

ઉપરના ચરિત્રોના ગ્રંથો ઘણાજ પ્રાચીન પૂર્વાચાર્યકૃત હોઇ, કથાઓ ઘણીજ સુંદર રસીક, ભાવવાહી અને અંતર્ગત વિવિધ ઉપદેશક કથાઓ સહિત છે. મહાન પુરૂષોના આવા સુંદર, સત્ય ચરિત્રો વાંચી વિચારી આત્મકલ્યાણ સાધવાની આ સુંદર તક કે જે સભાના લાઇફ મેમ્બર થઇ તેવા ગંથો ભેટ મેળવી લેવા ચૂકવાનું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च। यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते। यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते। पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः। तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २५ मुं. } वीर संवत् २४५३. कार्तिक. आत्म संवत् ३२ { अंक ४ थो.

## पार्श्वनाथ जिनस्तुतिः

( शार्दूल विक्रीडितवृत्तम् )

नम्राऽखण्डलवृन्दमस्तकमणिव्रातेन घृष्टक्रमं,
दिक् चक्रं निजतेजसा विलसता प्रोद्दीपयंतं सदा।
निर्वाणप्रियपत्तनाऽध्वनिमहा सार्थाधिपं पुङ्गवं,
वन्दे पार्श्वजिनेश्वरं सुभविनां कल्याणमालाप्रदम् ॥ १ ॥
श्रेयः सन्तति दायकान् जिनवरान्सर्वाञ्छुभध्यायिनां,
सत्तत्त्वागमराशिभासनपरान् दुर्वादिवादव्रतान्।
अज्ञानान्धचयप्रणाशनविधौ भानुप्रभा भासुरान्,
कुर्वेऽहं स्तुतिगोचरान्पटुमतिध्यानस्थितान्सर्वदा ॥ २ ॥
कल्याणं विदधातु वो नयगणद्योत्यागमौघःसदा,
श्रीमत्तीर्थकृतां मुखाम्बुसमुद्भूतोऽविताभूतले।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भूतानां हृतभूरि संसृतिभयः सन्मार्गसंदीपकः,
सद्यो मोहमहान्धकारहरणे प्रद्योतनो निर्मलः ॥ ३ ॥
सर्वोपद्रव नाशिनी जिनमत प्रक्षोभकक्षोभिनी,
पद्मावत्यजितापरैरनुदिनं दुर्वादिनां दारिका ।
देवी शासन रक्षिकांऽकुशकरा संघाऽऽपदां वारिका,
सर्वत्राऽभयदायिनी विजयताज्जैनेन्द्रमार्गश्रिता ॥ ४ ॥

लें० अजित.

## श्री नेमिनाथ जिन (ज्ञानपञ्चमी) स्तुतिः

( शार्दूलविक्रीडितवृत्तम् )

शङ्खच्छद्मधरः शिवा तनु भवः श्री नेमिनाथः शिव–
सम्पत्त्यै भवतु क्षमाशमयुतः पञ्चप्रमादोज्झितः ।
पञ्चम्यास्तपसि प्रसक्तमनसां सत्पञ्चमज्ञानवान्,
पञ्चाक्षीविजयी जयोद्यतमतिः पञ्चाऽश्रवाणां सदा ॥ १ ॥
नाभेय त्रिशला सुतादिरनिशं तीर्थंकरौघः शिवं,
दद्यादेवनरेन्द्रवन्दित पदो लेभे गतिं पञ्चमीम् ।
पर्वाऽऽराधनीयव्रतोत्तमतया तीर्थंकरैः सेविते,
पञ्चम्यास्तपसि स्थिताय विमले भव्यात्मने ज्ञानदे ॥ २ ॥
निर्वाणाऽभित शर्म भव्य मनुजा आसादयन्ति क्षणाद्,
येषां दृष्टिनिपातनेन करुणा दिव्यौकसां सन्ततम् ।
तेषामागमराशयः कृतधियां तीर्थंकराणां वराः,
कल्याणं प्रदिशन्तु पञ्चमतिथौ संराधनोत्साहिनाम् ॥३॥
मत्तेभौघकपोलभेदनमहा प्रोध्धूतवेगाऽजित–
सिंहारूढ वपुः करस्थित कजाऽलङ्कारसंभूषिता ।
देव्यम्बा रुचिरा कृतिर्जिनवरे, भक्ति सदा बिभ्रती,
पञ्चम्या स्तपसि प्ररूढ मनसां शान्ति तनोत्वन्वहम् ॥ ४ ॥

लें० अजित.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## !! નૂતન વર્ષાશિષ !!

( શિખરિણી. )

ઉગી વર્ષારંભે, મનહર ઉષા રંગ સજતી,
ખિલો તેવી નિત્યે, તમ જીવનમાં પ્રેમ ભરતી;
ફળો આશા ઉર્મિ, તન, મન, અને સૌ ધન તણી,
ઠરો ઠારી ઠામે, યશમય કરો હિંદ જનની !

રચનારઃ—મણીલાલ માણેકચંદ મહુધાવાલા.

## આશિર્વચન !

( શાર્દૂલ વિક્રીડિત )

ખીલો સ્નેહ તણાં કુસુમ હૃદયે, રૂડા નવા વર્ષમાં,
તે સાથે ઉર આશ દીર્ઘ ફળવા, તૃપ્તિ મળો સર્વમાં;
દીપાવા તમ કોમ દેશ જગને, રાચો મહા યત્નમાં
નીતિ–ન્યાય–વિચાર–સત્ય સમજી, વીરો બનો ભર્તમાં !

રચનારઃ—મણિલાલ માણેકચંદ મહુધાવાલા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એકાદશ અંગોમાં નિરૂપણ કરેલ શ્રી તીર્થંકર ચરિત્ર.

( ગતાંક પ્રથમના પા૦ ૬૩ થી શરૂ. )

## શ્રી મહાવીર ચરિત્ર.

૧૦૧૭—તે કાળ અને તે સમયને વિષે ( શ્રમણ ભગવાન મહાવીર ) હેમંત ઋતુના પહેલા મહિનાના પહેલા પક્ષમાં માગશર વદી ૧૦ દશમને દિને–સુવ્રત નામના દિવસે વિજય–મુહૂર્તમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં (ચંદ્રનો) યોગ આવતા છાયા પૂર્વમાં જતી હતી ત્યારે એક પહોર ગયા પછી નિર્જળા બે ઉપવાસ કરીને એક વસ્ત્ર પહેરી હજારોથી વહન કરાતી ચંદ્રપ્રભા નામની શિબિકા ઉપર ચડી દેવ મનુષ્ય અને અસુરોના સમુદાય સાથે ચાલતા ચાલતા ઉત્તર ક્ષત્રિય કુંડપુર સંનિવેશના મધ્યમાં થઇને જ્યાં જ્ઞાત ખંડ ઉદ્યાન છે ત્યાં આવ્યા. ત્યાં આવીને ભૂમી તળને ન સ્પર્શે એવી રીતે કાંઇક એક હાથ પ્રમાણ ઉંચી સહસ્ર વાહીણી ચંદ્રપ્રભા શિબીકાને સ્થાપી સ્થાપી ને ધીમે ધીમે સહસ્ર વાહિની ચંદ્રપ્રભા શિબિકાથી ઉતર્યા, ઉતરીને ધીમે ધીમે પૂર્વાભિમુખ સિંહાસને બેઠા. આભરણ અલંકાર ઉતર્યા ત્યારે વૈશ્રમણદેવે શ્રમણ ભગવાન મહાવીરના આભરણ અલંકારો ઉભડક પગે બેસીને હંસલક્ષણ વસ્ત્રમાં ગ્રહણ કર્યા * ૫

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે જમણા હાથવડે જમણી તરફના કેશોનો અને ડાબા હાથવડે ડાબી તરફના કેશોનો પંચ મુષ્ટિક લોચ કર્યો, ત્યારે શક્ર દેવેન્દ્ર દેવરાજાએ ઉભડક પગે બેસીને વજ્રના થાળમાં શ્રમણ ભગવાન મહાવીરના વાળ ગ્રહણ કર્યા અને વાળ લઇને " ભગવાન આજ્ઞા છે " એમ કહી તે વાળ ક્ષીર સમુદ્રમાં પહોંચાડ્યા. અહીં શ્રમણ ભગવાન મહાવીરે જમણા હાથે જમણો અને ડાબા હાથે ડાબો પંચમુષ્ટિક લોચ કરીને સિદ્ધોને નમસ્કાર કર્યો. સિદ્ધોને નમસ્કાર કરીને " સર્વ પાપ કાર્ય મારે વર્જ્ય છે " ( મારે કાંઇપણ પાપ કરવું નહિં–મારે સર્વ પાપ કર્મ અકરણીય છે ) એમ નિશ્ચય કરીને સામાયિક ચરિત્રનો ( દિક્ષાનો ) સ્વીકાર કર્યો. સામાયિક ચારિત્ર સ્વીકારીને દેવ સમુહને અને મનુષ્ય

* ૫ સુખ બોધિકામાં કહ્યું છે કે—આ આભરણો કુલ વૃદ્ધા લ્યે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાજને ઓળેખેલ ચિત્રની જેવા બનાવી મુકયા ( આ વખતે દેવો અને મનુષ્યો ચિત્રામણની માફક નિ:શબ્દ મૌન અને આશ્ચર્ય ચકિત સ્તબ્ધ બન્યા હતા. )

૧૦૧૮—જ્યારે ભગવાને ચારિત્ર લીધું ત્યારે ઇંદ્રના વચનથી દેવ શબ્દો મનુષ્યો કોલાહલ અને વાજીંત્રોના શબ્દો એકદમ બંધ રહ્યા ( ભગવાને ) હર હમેશાં સર્વ જીવ સત્વોને હિત કરનારા ચારિત્રનો સ્વીકાર કર્યો ત્યારે એકદમ રોમેરોમ હર્ષિત થએલા દેવો તેને શાંતિથી ( ? ) સાંભળતા હતા. ( ગાથા—૨ )

૧૦૧૯—ત્યારે સમતાવાળા ક્ષાયોપશમિક ચારિત્રને પામેલા શ્રમણ ભગવાન મહાવીરને મન: પર્યવજ્ઞાન ઉત્પન્ન થયું જેથી અઢીદ્વીપમાં અને બે સમુદ્રમાં રહેલા પર્યાપ્તા તથા વ્યકત મનવાળા સંજ્ઞી ( મન—સંજ્ઞાવાળા ) પંચેન્દ્રિયોના મનોગત ભાવને જાણતા હતા.

૧૦૨૦—ત્યારે દિક્ષિત થએલ શ્રમણ ભગવાન મહાવીરે મિત્ર—જ્ઞાતિ—સ્વજન અને સંબંધી વર્ગને રવાના કર્યા અને રવાના કરીને એવી પ્રતિજ્ઞા કરીકે—હું બાર વર્ષ સુધી કાયાને ઓસરાવું છું દેહનો ત્યાગ કરૂં છું અને જે કોઇ ઉપસર્ગો ( પીડા માર ફાડ વિઘ્નો વિગેરે ) ઉત્પન્ન થશે, પછી તે દેવોએ કરેલા હશે, મનુષ્યો એ કરેલા હશે યાતો પશુપક્ષી કે જીવજંતુએ કરેલા હશે તે સર્વ પ્રકારના આવી પડેલા ઉપસર્ગોને હું નિર્ભયપણે સહન કરીશ, ક્ષમા પૂર્વક ખમીશ અને નિશ્ચયપણે સ્વીકારીશ.

૧૦૨૧—ત્યારે શ્રમણ ભગવાન મહાવીર આ પ્રમાણે પ્રતિજ્ઞાનો સ્વીકાર કરીને કાયા—દેહપર મમત્વરહિત થયાથકા મુહૂર્તકાળ જેટલો દિવસ બાકી રહ્યો ત્યારે કુમાર ગામ આવી પહોંચ્યા.

૧૦૨૨—ત્યાર પછી શરીરના મમત્વથી રહિત એવા શ્રમણ ભગવાન મહાવીર અનુપમ નિવાસ સ્થાનવડે ઉત્કૃષ્ટ વિહારવડે અને તેવાજ સંયમ, નિયમ, સંવર, તપ, બ્રહ્મચર્ય, ક્ષમા, ત્યાગ, સંતોષ, સમીતિ, ગુપ્તિ, સ્થાન કર્મ તથા સુચરિત ફળવાળા નિર્વાણ—મુકિત માર્ગવડે ( રત્નત્રયીવડે ) આત્માને ભાવતા વિચારતા હતા.

૧૦૨૩—એ પ્રમાણે વિચરતાં દેવો તરફથી, મનુષ્યો તરફથી, કે તિર્યંચો તરફથી જે કોઈ ઉપસર્ગો આવતાં તે સર્વને ગ્લાનિ રહિત પણે અક્ષોભ ભાવે મનમાં દીનતા દાખવ્યા વગર અને મન વચન તથા કાયા એ ત્રણેપર કાબુ રાખીને નિર્ભયતાથી સહતા હતા શાંતિ પૂર્વક ખમતા હતા અખેદ ભાવે સ્વિકારતા હતા અને અડગપણે ભેટતા હતા ( ! )

૧૦૨૪—ત્યાર પછી આવી રીતે વિહારમાં વિચરતા શ્રમણ ભગવાન મહાવીર ને બાર વર્ષ વ્યતીત થયા અને તેરમાં વર્ષમાં ગ્રીષ્મ ઋતુના બીજા મહિનાના ચોથા પક્ષમાં વૈશાખ શુદિ દશમને દિને સુવ્રત નામના દિવસે મુહૂર્તમાં ઉત્તરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાલ્ગુની નક્ષત્રનો ( ચંદ્ર સાથે ) યોગ આવતાં છાયા પૂર્વમાં જતી હતી ત્યારે એક પહોર વ્યતીત થતાં, જંભિક ગામ નગરની બહાર ઋજુ વાલુકા નદીના ઉત્તર કાંઠે, શ્યામાક ગૃહ પતિના ખેતરમાં, વ્યાવૃત ચૈત્યથી ઇશાન ખુણામાં શાલ વૃક્ષની નજીકમાં, ઉભડક બેસવારૂપ ગાયદોહવાના આસનવડે આતાપના લેતાં–પાણી રહિત બે ઉપવાસવાળા ઉંચા જાનુ તથા નમેલી દૃષ્ટિવાળા–ધ્યાનરૂપી કોઠામાં રહેલા ( ધ્યાન મગ્ન ) અને શુકલ ધ્યાનના મધ્યમાં વર્તતા પ્રભુને છેલ્લા ( ! ) પૂર્ણ પરિપૂર્ણ હણાય નહીં તેવા આવરણ રહિત અનંતા અનુપમ પ્રધાન કેવળજ્ઞાન તથા કેવળ દર્શન ઉપજ્યાં.

૧૦૨૫—તે ભગવાન્ અર્હન્–પૂજ્ય રાગદ્વેષ રહિત થયા કેવળી સર્વજ્ઞ અને સર્વ ભાવદર્શી થયા અને દેવ મનુષ્યો અને અસુરો સહિત સમસ્ત લોકના પર્યાયોને જાણતા હતા તે આ પ્રમાણે—આગતિ, પરભવગમન, આયુષ્ય, દેવગતિમાંથી ગર્ભમાં આવવું, દેવલોક નરકાદિમાં ઉત્પતિ, ખાધેલું, પીધેલું, કરેલું સેવેલું, પ્રકટ કરેલું, એકાતમાં કરેલ, બોલેલું કહેલું, મન, મનમાં ચિંતવેલું, આ પ્રમાણે સર્વ લોકના સર્વ જીવોના સર્વ ભાવોને જાણતા–જોતા વિચરતા હતા.

૧૦૨૬—શ્રમણ ભગવાન મહાવીરને જે દિવસે અંતિમ–પૂર્ણ યાવત....... કેવલ જ્ઞાન દર્શન ઉત્પન્ન થયા તે દિવસ આવતા જતા ભુવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષિ અને વૈમાનિક દેવ દેવીઓ વડે * ૬ યાવત્........( દિવ્ય ઉદ્યોત દેવમેળો દેવ કોલાહલ અને ) આકુલ વ્યાકુળતા થઇ રહી.

૧૦૨૭—ત્યારે કેવળજ્ઞાન અને કેવળ દર્શનવાળા શ્રમણ ભગવાન્ મહાવીરે પોતાને તથા લોકને સંપૂર્ણભાવે જોઈને પ્રથમ દેવોને ધર્મ કહ્યો અને પછી મનુષ્યોને.

૧૦૨૮—ત્યારે કેવળજ્ઞાની–કેવળદર્શી શ્રમણ ભગવાન મહાવીરે ગૌતમ વિગેરે શ્રમણ નિગ્રંથોની સમક્ષ ભાવના સહિત પાંચ મહાવ્રતો તથા છ જીવન કાયો કહ્યા ઉચ્ચાર્યા તથા પ્રરૂપ્યા તે આ પ્રમાણે—

---

* ૬— એકવાર આવી ગએલ અથવા અન્ય આગમોમાં વિસ્તારથી દર્શાવેલ એક વાકયને સંક્ષેપથી લેવું હોય તો તે વાકયના આદિ ભાગનો ઉલ્લેખ કરી પછી યાવત્......શબ્દ મુકી તે વાકયનો અંતિમ ભાગ જોડવાથી આખા વાકયની ગરજ સરે છે. અર્થાત્–અમુકથી અમુક સુધી (અહીંથી ત્યાં સુધી) એ પાઠનો નિર્દેશક કરવા માટે યાવત્......શબ્દનો ઉપયોગ કરાય છે આગમોમાં યાવત્......શબ્દના નિર્દેશો ઘણાં છે જેથી મેં પણ તેવા સ્થાને યાવત્......શબ્દનોજ પ્રયોગ કર્યો છે તો પ્રસ્તુત ભાષાંતરમાં જ્યાં જ્યાં યાવત્ .....શબ્દ આવે ત્યાં ત્યાં યાવત્...... ની પૂર્વના શબ્દથી તે યાવત્......પછી દર્શાવેલ શબ્દ સુધીનો વાકય સબંધ અન્ય સ્થાનેથી લેવાના છે એમ સમજવું.

દિક્ષાના વિઘ્નો માટે જુઓ આ૦ અ૦૬ ઉ૦૧ સૂત્ર. ૩૪૮, ૩૪૯.

ઉપદેશ શૈલી આચારાંગ સૂત્ર ૩૮૪થી ૩૮૮.

કૃષ્ણરાજી માટે જુઓ સ્થાનાંગ સૂત્ર. ૬૮૪, ભગવતીજી શ૦૬, ઉ૦૫, સૂત્ર. ૨૪૨–૨૪૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃથ્વીકાય યાવત્......(અપકાય–તેજસ્કાય–વાયુકાય–વનસ્પતિ કાય, અને) ત્રસકાય ૧૦૨૯થી૧૦૩૭–પ્રથમ મહાવ્રત–પ્રાણાતિપાત વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ અને આરાધકતાનો અધિકાર.

૧૦૩૮થી૧૦૪૫—બીજું મહાવ્રત–મૃષાવાદ વિરમણવ્રતની પાંચ ભાવનાઓ અને આરાધક ભાવનો અધિકાર.

૧૦૪૬થી૧૦૫૩—તૃતીય મહાવ્રત–અદત્તાદાન વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ અને આરાધનાનો અધિકાર.

૧૦૫૪થી૧૦૬૧—ચતુર્થ મહાવ્રત–મૈથુન વિરમણ વ્રતની પાંચ ભાવનાઓ અને આરાધકતા.

૧૦૬૨થી૧૦૭૯—પાંચમા મહાવ્રત–પરિગ્રહ ત્યાગવ્રતની (ગાથામાં) પાંચ ભાવનાઓ અને આરાધક ભાવનો અધિકાર.

૧૦૮૦—પચ્ચીશ ભાવનાવાળા અણગારની આગમાનુસાર આરાધકતા.

## " શું શું કર્યું ? "

આ નૂતન વર્ષે આપ કહો, ગત વર્ષમાં શું શું કર્યું ?
વળી પૂછીશ હું પંચાશીમાં ચોરાશીમાં શું શું કર્યું ?
પર્વના દિવસો મહીં સત્કાર્યમાં શું શું કર્યું ?
દુ:ખી જનોને દઇ દિલાસો સ્હાયમાં શું શું કર્યું ?
વિદ્વાન હો તો વિદ્વતાના કાર્યમાં શું શું કર્યું ?
ધનવંત હો તો દ્રવ્યનો સદ્વ્યય કર્યો કે શું કર્યું ?
વળી જળપ્રલયના કોપમાં સેવા કરી કે શું કર્યું ?
કંપી ઉઠો છો સાંભળીને તો કહો શું શું કર્યું ?
સમાજના અજ્ઞાન જન સુધારવા શું શું કર્યું ?
કુચાલને કુરૂઢીઓનો નાશ કરવા શું કર્યું ?
ન્યાય નીતિનો માર્ગ મેળવવા તમે શું શું કર્યું ?
વ્યસનો બધાયે છોડવાના યત્નમાં શું શું કર્યું ?
પ્રચાર કેળવણી તણો કરવા તમે શું શું કર્યું ?
જ્ઞાનનો ઉદ્ધાર કરવા આપ કહેશો શું કર્યું ?
ભૂલો અગર તો પાપ કરીને કો' તમે શું શું કર્યું ?
દેશસેવા, લોકસેવા કરી કહો કે શું કર્યું ?
પ્રશ્નો બધા આ વાંચીને વિચારજો કે શું કર્યું ?
પછી પુછજો તમ હૃદયને સત્કાર્યમાં શું શું કર્યું ?

**કાન્તિલાલ જાદવજી મહેતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કેટલાક ઉપયોગી વિચારો.

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

( ગતાંક પૃષ્ટ ૭૯ થી શરૂ. )

જે મનુષ્યમાં સત્યનિષ્ઠા નથી હોતી તેના સાહસ ધૈર્ય અને અધ્યવસાય કદિપણ ખરેખરા અને કામના નથી હોતા, તેમજ જે મનુષ્યમાં એ સર્વ હોય છે તે ઉદાર અને મહાનુભાવ જરૂર બને છે. ખરેખરા સાહસથી મનુષ્યની ઉદારતા વધે છે અને ધૈર્યથી શાન્તિની વૃદ્ધિ થાય છે. જે મનુષ્ય ખરેખરો વીર અને સાહસી હોય છે તે કદિપણ કોઇના ઉપર ક્રોધ કરતો નથી. ભીષ્મપિતામહે પ્રતિજ્ઞા કરી હતી કે હું પાંડવોનો નાશ કરી દઈશ. ભીષ્મની પ્રતિજ્ઞા એટલે પૂછવું જ શું ? તેનાં ભંગનો ક્યારે સંભવ હતો ? એને લઇને કૃષ્ણને ઘણી જ ચિંતા થવા લાગી. વિચાર કરીને તેઓએ યુકિત શોધી કાઢી. યુકિતપૂર્વક ભીષ્મની પાસે દ્રૌપદીને કહેવરાવ્યું કે 'તું અખંડસૌભાગ્યવતી થા' જ્યારે પાછળથી ભીષ્મને કૃષ્ણની એ યુકિતની ખબર પડી ગઈ ત્યારે તેઓ કૃષ્ણ ઉપર જરાપણ નારાજ ન થયાં એટલુંજ નહિ પણ તેમણે ઘણી જ શાંતિપૂર્વક કૃષ્ણને જ એ યુકિત બતાવી દીધી કે યુદ્ધમાં તમારે શિખંડીને આગળ કરવો. એ પૂર્વ જન્મની 'સ્ત્રી' છે. પ્રાચીન વીર આર્યપુરૂષોની એક એક ઉદારતા ભરી નીતિ હતી કે તેઓ બાળક, સ્ત્રી, બ્રાહ્મણ, અનાથ વિગેરે ઉપર શસ્ત્રનો ઉપયોગ નહોતા કરતા. યુદ્ધમાં શિખંડીને આગળ જોઇને અને તેને પૂર્વજન્મની સ્ત્રી જાણીને ભીષ્મે પણ તેના ઉપર હથિયાર ન ઉગામ્યું, એટલુંજ નહિ પણ પોતે પ્રાણ ત્યાગ કર્યો અને એ રીતે દુર્યોધનના પક્ષની હારનો આરંભ થયો.

સાહસ તથા ધૈર્ય ઉપરાંત પ્રત્યેક મનુષ્યમાં આત્મ-સંયમની પણ અત્યંત આવશ્યકતા છે. એ ગુણ એટલો બધો જરૂરનો અને મહત્વપૂર્ણ છે કે એ વિદ્વાન પુરૂષે તેને સઘળા ગુણોના મૂળરૂપ અને પશુત્વ તથા મનુષ્યત્વના વાસ્તવિક ભેદરૂપે ગણાવ્યો છે, અને એ વાત પણ ખરી છે. જો મનુષ્ય આત્મ-સંયમ બિલકુલ છોડી દે અને જેમ મનમાં આવે તેમ કહી નાંખે અને કરી નાંખે તો પછી તેનામાં અને પશુમાં શો ભેદ રહે છે ? પોતાની ઇન્દ્રિયોની અનુચિત ચંચલતા રોકવી અને પોતાની જાતને ખરાબ માર્ગે જતા બચાવવી એજ આત્મ-સંયમ કહેવાય છે. પોતાના મનને જીતવું એ સમસ્ત સંસાર પર વિજય પ્રાપ્ત કરવા કરતાં પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારે ઉપયોગી અને લાભદાયક છે. જે મનુષ્ય પોતાનાં મનને અને પોતાની વાણીને વશ નથી રાખી શકતો, જે પોતાનાં કાર્યોને નિયંત્રિત નથી કરી શકતો તેની વિદ્યા, બુદ્ધિ, શકિત વિગેરે સઘળું નકામું છે.

હર્બર્ટ સ્પેન્સરનો તો એવો મત છે કે મનુષ્યને આદર્શ બનાવવા માટે આત્મ સંયમ એક અતિ મહત્વનું સાધન છે. જે મનુષ્ય પોતાનાં ચંચળ મનની ઇચ્છાઓને પોતાને વશ રાખે છે તેજ સઘળા પ્રશ્નો ઉપર સારી રીતે વિચાર કરી શકે છે તેમજ તેજ ખરાબ કાર્યોથી બચી શકે છે અને સારાં કાર્યોમાં જોડાઈ શકે છે. પરંતુ જે મનુષ્ય પોતાનાં ચંચળ મનનો ગુલામ બને છે તેને કોઇપણ પ્રશ્ન ઉપર વિચાર કરવાનો અવકાશ જ નથી મળતો, તો પછી એ સારાં કાર્યો કયી રીતે કરી શકે ? મનમાં તરંગ ઉઠે છે, ઇચ્છા થાય છે કે તરતજ તે તદનુસાર કાર્ય કરે છે. વિવેકથી તો એ કદિપણ કામ જ નથી લેતો અને વિવેકનો ઉપયોગ નહિ કરતો હોવાથી તે મનુષ્ય છતાં પણ પશુ તુંલ્ય બની જાય છે.

આત્મ સંયમ અથવા મનોનિગ્રહના અભાવને લઇને ઘણું કરીને અનેક જાતની વિપત્તિઓ આવી પડે છે. તે સંબંધી મહાભારતમાં લખ્યું છે કે—

**रथः शरीरं पुरुषस्य दृष्ट**
**मात्मा नियतेंद्रियमाहुरश्वान् ।**
**तैरप्रमत्तैः कुशली सदश्वै**
**र्दान्तैः सुखं याति रथीव धीरः ॥**

**અર્થાત**—મનુષ્યનું શરીર રથ છે, મન સારથી છે અને ઇંદ્રિયો અશ્વો છે. જેવી રીતે અશ્વોને પોતાને આધીન રાખીને કુશળ રથી યાત્રા કરે છે તે રીતે ઇંદ્રિયોને પોતાને વશ રાખી રહેનાર મનુષ્ય પોતાની જીવન યાત્રા સુખપૂર્વક સમાપ્ત કરે છે. જો આપણે મનને વશ રાખી શકીએ તો તે એક સન્મિત્ર બની જાય છે અને આપણને વખતો વખત ઉત્તમ માર્ગ બતાવીને અને કર્તવ્ય દિશાનું સૂચન કરીને સર્વ રીતે આપણને સહાય કરે છે. અને જો એને સ્વતંત્ર છોડી મુકવામાં આવે છે તો તે આપણને કુમાર્ગે ચડાવી દે છે અને આપણો શત્રુ બનીને આપણો નાશ કરે છે. मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः એ સૂત્ર સુવિખ્યાત છે ( મન એજ આપણા બન્ધનનું તથા મોક્ષનું કારણ છે, )

પહેલવહેલાં જ આપણે એ જોઇ ગયા કે સર્વ જાતના સદ્ગુણ શીખવાનું અને કેળવવાનું પ્રથમ સ્થાન ઘર, બીજું પાઠશાળા અને ત્રીજું સંસાર છે. એથી મનોનિગ્રહનો અભ્યાસ ઘરથીજ શરૂ થવો જોઈએ અને શાળામાં તથા સંસારમાં એના વિકાસ તથા વૃદ્ધિ થવા જોઇએ. વળી ઘણે અંશે એ પણ ઠીક છે કે મનો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિગ્રહ અથવા આત્મ-સંયમને આપણા શારીરિક બળ અને સ્વાસ્થ્યની સાથે ઘણો જ ઘનિષ્ટ સંબંધ રહેલો છે. અર્થાત્ દુર્બલ મનુષ્યોની અપેક્ષાએ મજબુત મનુષ્યો આત્મ–નિગ્રહ કરવામાં વધારે સમર્થ હોય છે, પરંતુ તે સાથે એટલું પણ નિઃસંદેહ છે કે ઘણું કરીને શારીરિક સ્વાસ્થ્ય પણ મનોનિગ્રહના અભાવને લઇને જ બગડે છે. જે લોકોનું સ્વાસ્થ્ય બગડી ગયું હોય તેઓ જો મનોનિગ્રહપૂર્વક આરોગ્ય શાસ્ત્રનાં નિયમોનું યથાર્થ પાલન કરે તો તેઓનું શરીર તરતજ સ્વસ્થ થઇ શકે છે અને જેમ જેમ તેના શરીરમાં બળ આવતું જાય છે તેમ તેમ તેનું મનોનિગ્રહ પણ વધતું જાય છે. એ વાત હવે કોઇને ભાગ્યેજ અજાણી હશે કે પ્રસન્ન ( આનંદી ) રહેવાથી મનુષ્યનું શરીર તેમજ મન બન્ને સબળ બને છે. એટલા માટે આત્મ-નિગ્રહમાં સમર્થ બનવા માટે હમેશાં આનંદી રહેવાની પણ પરમ આવશ્યકતા છે. જે લોકો હમેશાં ક્રોધાયમાન, ચીડીયા અથવા દુઃખી રહ્યા કરે છે તેઓ કદિપણ પોતાનાં મનને પુરેપુરૂં વશ રાખી શકતા નથી. જો દુઃખોનો વિશેષ વિચાર ન કરતાં પ્રાપ્ત સુખોથી જ મનુષ્ય સંતુષ્ટ બની રહે તો તેને આ સંબંધી ઘણો લાભ થઇ શકે છે.

મનોનિગ્રહ સદાચારનું મૂળ ગણાય છે. આજ સુધીમાં જે જે મહાન પુરૂષો થઇ ગયા તે સર્વ જીતેંદ્રિય હતા. જીતેંદ્રિયતા અને આત્માનિગ્રહ વગર મનુષ્યમાં સાધુતા અથવા મહત્તા આવી શકતીજ નથી. ધર્માચરણ કરવા માટે પણ મનો-નિગ્રહની ઘણીજ આવશ્યકતા રહ્યા કરે છે. કેમકે મનોનિગ્રહના અભાવને લઇને જ મનુષ્યો પાપોમાં અને દુષ્કર્મોમાં પ્રવૃત્ત થાય છે; તેથી આત્મ–નિગ્રહ મનુષ્યોને પરલોક–સાધનનો પણ સર્વ શ્રેષ્ટ અને આવશ્યક ઉપાય છે. જેમ આત્મ–નિગ્રહથી પરલોકનું સાધન થાય છે તેમ તેનાથી આ લોકમાં પણ ઘણું સુખ પ્રાપ્ત થાય છે. મનોનિગ્રહ વગર કોઇપણ મનુષ્ય સુશીલ, સદાચારી, વ્યવસ્થિત, ઉદાર અને શાંત બની શકતો નથી અને તે સઘળા વગર જીવન–યાત્રા અત્યંત દુઃખપૂર્ણ બની જાય છે.

રાજકાર્ય કરનાર મોટા મોટા પદાધિકારીઓ, પ્રજાના માર્ગદર્શક નેતાઓ તથા એવાજ મોટા મોટા કામ કરનારામાં બહુજ મનોનિગ્રહ હોવો જોઇએ. જ્યાં સુધી આત્મનિગ્રહ નથી હોતો ત્યાં સુધી મહાન બુદ્ધિશાળી પુરૂષોને પણ પોતાનાં કામોમાં યશ મળી શકતો નથી. કેમકે એ કામોમાં લોકો ઉપર પોતાનો પ્રભાવ પાડવાની તેમજ તેઓને પોતાને વશ રાખવાની આવશ્યકતા રહે છે. અને જે મનુષ્ય પોતે પોતાની જાતને વશ રાખી શકતો નથી તે બીજા ઉપર અધિકાર કેવી રીતે ચલાવી શકે ? જે મનુષ્ય બીજા ઉપર પોતાનું પ્રભુત્વ જમાવવા ઇચ્છે છે તેને માટે આવશ્યક છે કે તેણે પહેલાં પોતાની જાત ઉપર પ્રભુત્વ જમાવવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ. મોટા મોટા રાજકુટુંબોનો નાશ ઘણે ભાગે આત્મ–સંયમના અભાવથીજ થાય છે. આત્મ–સંયમના અભાવને લઇને મનુષ્ય જુગારી, દુરાચારી, અને દુર્વ્યસની બની જાય છે. અને એ સઘળું કુલ, શીલ; મર્યાદા તથા વૈભવ વિગેરેના નાશનું કારણ બને છે. મહારાજા શીવાજીમાં આત્મ–નિગ્રહ પુરેપુરા અંશે હતો અને એને લઇને જ તેઓ શત્રુઓનો પરાભવ કરવા તથા સામ્રાજ્ય સ્થાપવા સમર્થ થઈ શકયા હતા. પરંતુ તેમના પુત્ર સંભાજીમાં એ ગુણ નહોતો જેથી તેનો તથા રાજ્યનો નાશ થયો. મહારાજા રણજીતસિંહના પુત્ર ખડ્ગસિંહમાં પણ એ ગુણનો અભાવ હતો. લખનૌના છેલ્લા નવાબ પોતાના મનમાં આવતું તે કરતા હતા; કદિ પણ આગળ પાછળનો સારા નરસાનો વિચાર નહોતા કરતા જ્યારે નેપોલીયન એક પછી એક દેશ જીતવા લાગ્યો, ત્યારે તેનું મન ચલિત કરવા માટે શત્રુઓએ અનેક પ્રયાસો કર્યા, પરંતુ તે નેપોલીયન જરાપણ વિચલિત થયો જ નહિ, તેણે તો પોતાનું મન હંમેશાં વશ રાખ્યું અને છેવટ સુધી વિજયી બનતો રહ્યો. આપણા દેશના ધર્મ શાસ્ત્રોમાં તેમજ ઇતિહાસમાં એવી અનેક કથાઓ છે જેમાં આપણે જોઇએ છીયે કે લોકોને ઉગ્ર તપશ્ચર્યા કરતા જોઇને તેઓને ડગાવવાના ઘણા પ્રયત્નો કરવામાં આવતા હતા અને એવા કેટલાક પ્રયત્નો નિષ્ફળ પણ થયા હતા. મતલબ એ છે કે કોઈપણ વિષયમાં સંપૂર્ણ સફલતા પ્રાપ્ત કરવા માટે મનોનિગ્રહની અત્યંત આવશ્યકતા રહેલી છે અને જ્યાં મનોનિગ્રહનો ભંગ થાય છે ત્યાં કાર્ય સિદ્ધિમાં પણ મોટું વિઘ્ન આવે છે.

દુષ્કર્મો તથા પ્રલોભનોથી બચવા માટે, અપમાનિત અથવા પીડિત થવા છતાં ક્ષમા કરવા માટે, ઇર્ષ્યા, દ્વેષ વિગેરે મનોવૃત્તિયોને રોકવા માટે તથા એવા પ્રકારના અનેક કામોને માટે મનોનિગ્રહની ઘણી જ આવશ્યકતા છે. જો એવા વિકટ પ્રસંગે મનુષ્ય આત્મનિગ્રહ નથી બતાવતો તો મહાન અનર્થ થાય છે અને વિપરીત પરિણામ આવે છે. કોઈ કોઇ વખત ક્રોધમાં કોઇને દુર્વચનો કહીને અથવા કોઇને નુકશાન કરીને આપણે આપણને પોતાને તથા બીજાને ઘણુંજ નુકસાન કરીએ છીએ. જેને લઇને આપણે જીંદગીભર પસ્તાવું પડે છે. જો આપણે એમ ઇચ્છતા હોઇએ કે આપણે કદિ દુઃખી ન થઇએ અથવા આપણને કદિ પસ્તાવું ન પડે તો આપણે આપણી જીભ તથા મન ઉપર હમેશાં અંકુશ રાખવો જોઇએ. પ્રત્યેક મનુષ્ય મધુરભાષી નથી બની શકતો, પરંતુ અલ્પભાષી તો અવશ્ય બની શકે છે. જો આપણું મન ઠઠ્ઠા મશ્કરી કરવા અથવા વ્યંગ્યપૂર્ણ વાતો કરવા ઇચ્છે અને આપણે આપણી એ ઇચ્છાને ન રોકી શકીએ તો કોઇ વખત મિત્રોની સાંથે આપણને મોટી શત્રુતા થઇ જવાનો સંભવ અને ભય છે.

વાતચીત કરતી વખતે પ્રત્યેક મનુષ્યે ઘણાંજ સાવધાન રહેવું જોઈએ, તેમજ કદિપણ કોઇ એવી વાણી મુખમાંથી ન કાઢવી જોઇએ કે જેને લઈને બીજાને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મન દુઃખ થાય. બીજાનું મન દુઃખાવવા કરતાં મૌન રાખવું ઘણું સારૂં છે. આ સંબંધમાં સુવિખ્યાત ગ્રીક વિદ્વાન પિથે ગોરાસને ઉપદેશ હંમેશાં સ્મરણમાં રાખવા યોગ્ય છે. તે કહે છે કે "મૌન રાખો; અથવા કોઇ સારી વાત કરો." અર્થાત્ મનુષ્યે મૌન રાખવું જોઇએ. અથવા બહુ વિચાર કરીને સમજણપૂર્વક બોલવું જોઇએ. જે સમયે બોલવાની જરૂર હોય તે સમયે મૌન રહેવાથી પણ ઘણે ભાગે તેટલી જ હાનિ થાય છે જેટલી નિરર્થક અને આવશ્યક વાતો કરવાથી થાય છે. કોઈ કોઇ વખત સત્ય અને ન્યાયના રક્ષણની ખાતર બોલવાની આવશ્યકતા હોય છે એટલુંજ નહિ પણ ક્રોધ અથવા અસંતોષ પ્રકટ કરવાની પણ આવશ્યકતા હોય છે. જો આપણે કોઇને અન્યાય અથવા અત્યાચાર કરતાં જોઇએ તો આપણો એ વખતે જરૂર ક્રોધ પ્રકટ કરવો જોઇએ. સત્યનિષ્ટ અને ન્યાયશીલ મનુષ્યોને સ્વાભાવિક રીતેજ એવા પ્રસંગે ક્રોધ આવી જાય છે. વળી એવા પ્રસંગે પણ શાંતિ, ધૈર્ય તથા સહન શીલતા વિગેરેની પણ થોડી ઘણી આવશ્યકતા હોય છે. કેમકે જો મનુષ્યમાં શાંતિ અને સહન શીલતા નથી હોતી તો તે જરૂર કરતા વધારે ક્રોધાયમાન થઈ જાય છે. અને લોકોને તેનો ક્રોધજ બીજાના અન્યાયની અપેક્ષાએ વધારે અસહ્ય બની જાય એવો સંભવ છે અને જયારે ક્રોધની માત્રા અન્યાયની માત્રાથી વધારે હોય છે ત્યારે એવો પ્રસંગ ખાસ કરીને આવે છે.

તેથી એ પણ ઘણુંજ જરૂરનું છે કે મનુષ્યે શાન્ત સ્વભાવના થવું જોઇએ; અને સ્વભાવની શાંતિ માટે મનુષ્યમાં બુદ્ધિમત્તા તેમજ સંસારના અનુભવની જરૂર છે. ઘણે ભાગે એવું જોવામાં આવે છે કે મનુષ્યને વિકટ અવસરોની સામે જેટલું થવું પડે છે અને એનો સાંસારિક અનુભવ જેટલો વધે છે તેટલો જ તે આત્મનિગ્રહી અને બુદ્ધિમાન બને છે. જે લોકો અશિક્ષિત અને અજ્ઞાની હોય છે અને જેઓને સંસારનો જરા પણ અનુભવ નથી હોતો તેઓ ક્ષમાશીલ પણ નથી હોતા, પરંતુ એથી ઉલટું સુશિક્ષિત અને અનુભવી મનુષ્યો ઉદાર, દયાળુ અને ક્ષમાશીલ હોય છે.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " પ્રભુ મીલન "

વિશ્વઆરે પ્રેમે પ્રભુપરખાય.
એ અવિકારી દૃષ્ટિ થાતાં;
ઓ જીવન સંગમ થાય, વિ૦
આ જન્મ મરણુ ગુમ એક ઘડી,
જીવનમાં જ્યોત રેડાય;
સ્નેહ સરિતા સાગર થાતા,
પ્રેમાદ્રે રાસ ગુંથાય. વિ૦ ૧
અરિહનન ને ' હું ' ઢોળાતા,
શત્રુંજય ગીત ગવાય;
ગઢગિરિશૃંગે વૈરાગ્ય જળના,
ખળખળ કલરવ થાય. વિ૦ ૨
અર્બુદ તારંગ દુર્ગમ દુર્ગો,
ન ગ્રીષ્મ તપને કળાય;
નગથી પુરૂષાતન પ્રગટે,
તેમ ગુઢ મંત્રણા થાય. વિ૦ ૩
ઉજ્વલ મંદાકીની યમુના,
રસરવ વિચી વિખરાય;
શીત સમીરો વસંતના સ્ફુરે,
તે પાર્શ્વગિરિ પથરાય. વિ૦ ૪
ઉન્નત મેદિની શ્વેત પતાકા,
પૂનિતતા સ્પષ્ટ જણાય;
વર ગુરૂ સંગે અઘ પ્રજ્વલાતા,
મમ ચેતન જળહળ થાય.
વિશ્વઆરે પ્રેમે પ્રભુપરખાય. વિ૦ ૫

વિહારી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વીરનો પૂજન થાળ.

ચૈત્ર શુકલ પક્ષની એક પ્રભાતે સૂર્ય નારાયણ પોતાના સૂવર્ણ રથમાં બેસી જગત્ ભરમાં પ્રકાશ આપવા માટે પૂર્વ દિશામાંથી આવે છે. અને ક્ષત્રિયકુંડ નગરના નાગરિકોને " પ્રભાત થયું છે માટે ઉંઘ તજી નિત્ય કર્મ કરવા માંડો " ની સૂચના આપી રહ્યા છે તેવા એક મંગળમય પ્રભાતે ક્ષત્રિયકુંડ નગરના નાગરિકોએ ઘેર ઘેર આનંદના ઉત્સવો માંડયા છે. દરેક દરેક કંઇને કંઇ શોભનિક કાર્ય કરવામાં ગુંથાયા છે. આ અવસરે ક્ષત્રિયકુંડ નગરના કિલ્લામાં એક પ્રવાસી આવે છે. તે આ આનંદોત્સવ જોઇ વિચારમાં પડે છે કે આજે શા કારણથી આ ધમાલ મચી રહી છે ? હજુ વિચારો કર્યો કરે છે. ત્યાં તો આકાશમાં દેવ દુદુંભી થઈ અને પ્રખર તેજથી આકાશ આખું તેજમય બની જાય છે. તેવા તેજમાં પ્રવાસીએ શું જોયું ? દેવ અને દેવીઓ પોતાનાં દેવભુવનો ત્યાગીને નીચે મૃત્યુલોકમાં આવતાં જણાય છે. પ્રવાસી પુન: વિશેષ વિચારમાં પડે છે કે એવો તે શો માંગલિક પ્રસંગ ઉદ્દભવ્યો છે કે જેના માટે મનુષ્ય અને દેવ દેવીઓએ સાથે ઉત્સવ માંડયા છે ? તે નગરની કોઇ પણ વ્યકિતને પૂછવાના ઇરાદાથી પ્રવાસી આગળ વધ્યો. દસેક કદમ ચાલતાં સામેથી કોઇ પ્રૌઢ માણસને આવતાં જોયો. તે માણસે તદ્દન સાદાં અને સ્વચ્છ કપડાં પહેર્યાં હતાં. માથે ઘાટીલી લાલ પાઘડી પહેરી હતી અને ખભા ઉપર ખેસ નાખી, વણીકજ્ઞાતિની ખાત્રી આપતા ધીમે ધીમે તે શ્રેષ્ઠિ પ્રવાસી સન્મુખ આવી ઉભા. તેમને જોઇ પ્રવાસીએ પૂછયું. મહાશય ! આ શહેરમાં હું હમણાંજ ચાલ્યો આવું છું તેથી મનુષ્યોએ તથા દેવદેવીઓ એક સરખો આનંદોત્સવ આજે શા કારણસર કરી રહ્યા છે, તેનો ખુલાસો આપવા કૃપા કરશો ? તે સાંભળી શ્રેષ્ઠિએ મંદ હાસ્ય કરી જવાબ આપ્યો કે હે અજ્ઞાન પથિક ! આ અવસર્પીણી કાળના ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીનો જન્મ ગત રાત્રીએ થયો છે. જેના પ્રતાપથી અનંત દુ:ખમય નર્કોમાં પણ એક પળ દિવ્ય પ્રકાશ સાથે નારકીને શાંતિ ઉત્પન્ન થઇ હતી. આજનો પ્રસંગ અમારે મન અણમૂલો છે. અમારાં હર્ષ–આનંદનાં પૂર અત્યારે પૂરજોસમાં ચડી રહ્યાં છે. દેવ–દેવીઓ પ્રભુનો જન્મ સ્નાન મહોત્સવ કરી રહ્યા છે. હમણાં અહિં દરબાર ભરાશે તેમાં આનંદની નદીઓ વહેશે. અજ્ઞાત પથિક તે સાંભળીને દિઙ્મૂઢ થયો. પગ ઉપાડી દ્વિહસ્ત જોડી પ્રભુને તે સમયે ભાવપૂર્વક વંદન કર્યું. શ્રેષ્ઠિએ પોતાના ગૃહે પધારવા આમંત્રણ આપ્યું જેનો પ્રવાસીએ સહર્ષ સ્વિકાર કર્યો. બન્ને જણ શ્રેષ્ઠિ ગૃહે ગયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેવ–દેવીઓ પ્રભુનો જન્મ સ્નાન મહોત્સવ કરી સ્વસ્થાનકે ગયા અને સિદ્ધાર્થ રાજાના ધન ધાન્યના ભંડાર ભરાતા ગયા.

બપોરનો દરબાર ભરાણો સર્વને આનંદ આનંદ થઇ રહ્યો છે. રાજાએ ઇનામ પારિતોષિક આપ્યાં. ભાટ ચારણોને સંતોષ્યા.

યથા દિવસે ધન, ધાન્યના ભંડારમાં વૃદ્ધિ થવાથી પ્રભુનું 'શ્રી વર્ધમાન' નામ પાડયું તે દિવસે બ્રાહ્મણોને દક્ષિણા આપી જમાડી સંતુષ્ટ કર્યા.

'શ્રી વર્ધમાન' શુકલ પક્ષના ચંદ્રની પેરે પ્રતિદિન રૂપમાં, બળમાં, વિદ્યામાં વૃદ્ધિ પામે છે. અનુક્રમે યોવન અવસ્થાને પામ્યા ત્યારે ફકત માતપિતાના આગ્રહની ખાતર સુશીલ પત્ની પરણ્યા. સંસ્કાર બળે પુત્રીની પ્રાપ્તિ થઇ.

અઠ્ઠાવીશ વર્ષની ઉમ્મરે વર્ધમાન સ્વામીના માતાપિતાનો દેહોત્સર્ગ થયો. નંદીવર્ધન રડ્યા. પ્રભુને અંતરની લાગણી પ્રગટી.

ત્રીસ વર્ષની ઉમ્મરે વર્ધમાન સ્વામીએ સંયમ ધારણ કર્યો અને ચોથું જ્ઞાન પ્રગટયું.

ત્રીસ વર્ષની ભરયુવાની, તે યુવાનીની મસ્તી, આંખોનાં જાદુ, નવું બોલવું, નવું ચાલવું, ખેલવું એ સર્વ ક્રિયાઓ શ્રી વર્ધમાન સ્વામીને ન પાલવી. તેણે તો શહેર છોડયાં. આર્ય વસ્તિના છેડે ગયા. અનાર્ય લોકના સમૂહમાં જઇ ઘોર તપનું આવ્હાન કર્યું.

પૂર્વ સંસ્કારોથી અનાર્ય લોકોએ વર્ધમાનસ્વામીને ઉપસર્ગો આપ્યા. તે ઉપસર્ગો એટલા જીવલેણ, એટલા હૃદય વિદારક હતા કે તે સહન કરનાર તેમના સિવાય બીજું કોઇ જાણ્યું નથી. જેની રક્ષા કરવા ઇંદ્રે નીચે આવી તેમની સાનિધ્યમાં રહી ઉપસર્ગોનો પ્રતિકાર કરવા જણાવ્યું ત્યારે તે વીર પ્રભુ શું કહે છે ? હે ઇંદ્ર ! જે અત્યુત્તમ પદને પ્રાપ્ત કરવા હું સર્વ વૈભવ છોડી ચાલી નિકળ્યો છું. તે પરમ પદ પરાશ્રયે–કોઇની મદદ મેળવીને ત્રિકાળમાં પણ પ્રાપ્ત કરી શકાય નહિ. તે તો પોતાના ભુજબળ, આત્મબળ ઉપર મુસ્તાક રહીનેજ મેળવી શકાય છે. ઇંદ્ર સ્વસ્થાનકે જાય છે.

કર્મની વર્ગણા એક પછી એક તુટતી જાય છે. અને પરિસહો સહર્ષ સહન કરે છે. તે ઉપરથી તે મહારથીનું નામ '**મહાવીર**' પડી ગયું. વીર નરોમાં महा–वीरः—સર્વોત્કૃષ્ટ પુરૂષ તે મહાવીર મહા હિંમતવાળા અને રવી કહેતાં महा–रवीः—સૂર્યના જેવા પ્રખર તેજ આપનાર, તેજસ્વી, સ્વ અને પરનું કલ્યાણ કરનાર મહાવીર.

ચંડકોશીઓ સર્પ. જે દષ્ટિવિષ સર્પ કહેવાય છે, તેનું ઝેર માઇલો સુધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પથરાતું. તે ફક્ત સ્હેજ કર્મના આવરણથી તે દશામાં પડી રહ્યો છે. મહાવીર ત્યાં જાય છે, ડંખ સહન કરે છે છતાં તેને બુઝાવે છે.

મહાવીરને ચળિત કરવા દેવાંગનાઓનાં જુથ આવે છે. મહાવીર સન્મુખ નૃત્ય કરે છે. મૃદંગ વગાડે છે. છતાં તેનું એક રૂવાડું પણ ફરકતું નથી. જેનાં રૂપ જોઈ મહાન વૈરાગીઓ વૈરાગ્ય મૂકી દે છે જ્યારે આ તો ચંદ્રમાના ચોથીઆ જેવાં અધિકાધિક દેવાંગનાઓનો સમૂહ મહાવીરને ચળીત કરી શકતો નથી જેથી દેવાંગનાઓ મ્લાન હૃદયે સ્વસ્થાનકે જાય છે.

છદ્મસ્થ સ્થિતિમાં મૌન સેવ્યું અને તે દરમ્યાન. હે પ્રભુ ! તેં એટએટલા ઉપસર્ગો સહન કર્યાં કે જેનાં વિસ્તારથી વર્ણન કરે તો ગ્રંથો ભરાય, પછી તો દીવ્ય જ્ઞાન થયું–સર્વ લોકાલોકના ભાવ દીઠા. લોક સમૂહને અજ્ઞાનમાં મોહમાં ડુબેલો જોયો. ત્હારા અંતરમાં ધ્રુજારી આવી, ત્હારૂં દીલ વલોવાયું. હવે તો તું દેશ પ્રદેશ ઉપદેશ માટે ભ્રમણ કરે છે. ઘણા ઘણાને બુઝવ્યા. ઘણાને આત્મશાંતિ આપી. સંસારના દાવાનળથી દગ્ધ થતા, ઘણા આત્માઓને ઉપદેશ રૂપી વારિ આપી શીતળ કર્યા. અપકાર કરનારાઓ પ્રત્યે પણ તેં ઉપકાર કર્યો. તારા ઓજસથી, તારી વાણીના પ્રભાવથી, તારા શિષ્યોની, તારા ભક્તોની સંખ્યા વધી પડી. આખરે ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં તારા દેહનો વિલય થયો અને અમર આત્મા અનંતસુખની ભૂમિકાએ વિરાજમાન થયો. તેજ ક્ષણે સેંકડો વીજળીના તેજ કરતાં પણ વધુ એક દિવ્ય તેજ પૃથ્વી ઉપર પ્રસરાયું. તેજ દિવસથી દીપમાળ પ્રગટાવવી શરૂ થતાં તારી યાદગીરીની એક સ્હેજ ચીણગારી જળવાઇ રહેતી આજ દીપમાળની દીવાળી બની અર્થનો અનર્થ થયો છે. ક્રિયામાં વિકાર થયો છે. મિથ્યાત્વીઓએ પોતાનું પર્વ માન્યું. મહાવીરના અનુયાયીઓએ તે જતું કર્યું અને છેવટ તે વીરનો નિર્વાણ દિવસ આજ છે તે પણ ભૂલ્યા.

હે મહાવીર ! તું તો ગયો. તેં અક્ષય સુખ મેળવ્યું. પણ લોકો પ્રત્યે તારી કરૂણા કેટલી અસીમ હતી ? તું કેવળી થયો ત્યારે જગતના સુખ દુઃખો જોયા. તને કરૂણા ઉપજી, તેં મનમાં શું વિચાર્યું ? હું તો તરી ગયો પણ પંચમ આરાના ભવ્ય જીવો, તિર્થંકર, કેવળી વિના કેવી રીતે સંસારથી તરશે ? તેમને આધાર શો રહેશે ? તારો દયાનો સાગર ઉછળ્યો. સર્વજ્ઞ થતાં પ્રથમજ આચારાંગસૂત્ર લોક હિતાર્થે પ્રકાશ્યું. અને તે પછી અનેકાનેક તત્વો, આધારો, દષ્ટાંતો પ્રકાશ્યાં જે ગણધર દેવોએ શાસ્ત્રમાં ગુંથ્યાં, અને તે શાસ્ત્રનો આજે ભવ્યાત્માઓને વિસામો છે.

" स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે મહાવીર ! દુનિઆમાં સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રોને જન્મ આપતી હશે પણ તારા જેવા પુત્રને જન્મ આપનાર તારી માતા સિવાય બીજી કોઇ સ્ત્રી નથી.

કેસરીસિંહનું માત્ર એક બચ્ચું હજારો ઘેટાંને જીતવા બસ છે. આખી દુનિયા પરનું તિમિર નષ્ટ કરવા સેંકડો તારાઓ હોવા છતાં માત્ર એક સૂર્ય બસ છે. તેમ તારી માતાને તારા જેવો એક પુત્ર બસ છે.

તેં તો તારા કુળને તાર્યું. તારો ઉદ્ધાર કર્યો. અને જગતના સુભાગી જીવોનો ઉદ્ધાર થઇ ગયો. તારા ગુણ સંપૂર્ણ ગાવાનો દાવો કરવો એતો હાસ્યજનક વાત થઈ પડે. સર્વજ્ઞ સિવાય તારા ગુણ ગાવા બીજો કોઇ સમર્થ નથી, અને તે માટે અસંખ્ય સમય અને અસંખ્ય લેખન સામગ્રી જોઇએ. મને તો તારી પૂજાજ કરવી છે.

શું બાળકો માબાપ પાસે બાળ ક્રીડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવ્યું તેમ શું નવ ઉચ્ચરે ?

આ તો મ્હારો બકવાદ કદાપિ માનજે. પણ આજે ત્હારો નિર્વાણ દિવસ છે. ત્હારા દેહ વિલય થયે આજે બે હજાર ઉપરાંત વર્ષો થઇ ગયાં. આજે તારા અનુયાયીઓ તારા વિના ઝુરે છે. તારા ઉપકારો યાદ કરી તારૂં રાત્રિ દિવસ સ્મરણ કરે છે.

તારી શક્તિ અપાર હતી. તારૂં દેહ સામર્થ્ય કંઈક જુદુંજ હતું. તારો આત્મા ઉચ્ચકોટીનો હતો. ૭૨ વર્ષની માત્ર સામાન્ય સમયની જીંદગીમાં તો તેં ગજબ કર્યો. કર્મના દળો ઘીચ બન્યા હતા તેના તેં ભૂક્કા કર્યા. કર્મ રાજાને તેં દબાવ્યો. તારી તપશ્ચર્યાની કંઇ હદ હતી ? તારા ચારિત્રથી આખું જગત્ એક સમયે થંભી જાય છે. ઘોર પરિસહોને સહન કરનાર તારા સિવાય બીજો કોણ હિંમત ધરાવે ? આવું આવું જ્યારે જ્યારે યાદ આવે છે ત્યારે દેહ–આત્માનું ભાન ભૂલી જવાય છે. હે મહાવીર ! સીનેમાના ચિત્રપટમાં જેમ એક પછી એક નવનવાં પ્રસંગો આવે ને જાય છે તેમ તારી ટુંકી જીંદગીમાં પ્રસંગોનો પાર રહ્યો નથી. એકેક પ્રસંગને વર્ણવતાં પણ પાર ન આવે. હું સત્ય કહું છું. તારી ભકિતથી પ્રેરાઇને કહેતો નથી.

મ્હને તો વિશ્વાસ છે કે આ મ્હારૂં પૂજન તને પહોચશે. તું તો અવિકારી છે. પણ મ્હને તો તારા ગુણ ગાવાજ દે, ત્હારા પ્રવર્તીત રાહમાં રહેતાં પણ અતુલ સુખ મળે છે તો તેં જે અનંત સુખની ભૂમિકા વર્ણવી છે અને જે ભૂમિકાએ તું વિરાજી રહયો છે તેને પ્રાપ્ત કરવા કેટલા પ્રયત્નો કરવા અને તે ભૂમિકાએ કેટલું સુખ ભર્યું હશે ? આ સુખ, આ ભવનો છેડો, અને તારી સાનિધ્યમાં રહેવાનો પ્રસંગ કયારે ઉપલબ્ધ થશે ?

અને છેવટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ પ્યારા અતિપ્યારા, ગણું છું આપને હું તો,
પ્રભુએ આપની મૂર્તિ, નિરંતર ભાવથી જોતો;
કર્યા ઉપકાર અનહદ આ, જગતભરના મનુષ્યોપર,
હૃદય ઉલસે ભત્રાંતોથી, ગુણાનુરાગ પ્રગટે જો. ૧

તારા આત્માના મૂળ ગુણો મ્હારા આત્મામાં છે જ. પણ હું કર્માવરણથી ભૂલ્યો છું તે તારૂં પૂજન કરતાં તે ગુણોનો મ્હને પ્રકાશ થાઓ—પ્રકાશ થાઓ ૐ શાંતિ.

લેખકઃ—ઘેલાભાઇ પ્રાણુલાલ શાહ–કલોલ

# પરિપાટી.

ચત્તારિ અઠ્ઠદસ દોય ગાથાનો વંદન પાઠ.

( ગતાંક પૃષ્ટ ૨૩ થી શરૂ. )

## પરિપાટી સાતમી. ગા. ૧૩–૧૪.

" ભરત ઐરવત તિર્થવંદન "

**अट्ठत्ति अट्ठकम्मा, चत्तारि अट्ठकम्मरिउ रहिया**
**दोअत्तिदोहिंभेएहिं, जम्मणाओ विहरमाणा वा. ॥ १३ ॥**
**भरहेरवएसुदस, जहन्नओ जिणवरा नमिज्जंति**
**उव पुहवी तस्सय, इसा पहुणो भुवणबन्धु ॥ १४ ॥**

ભરત અને ઐરાવત ક્ષેત્રમાં જન્મ પામેલા કે વિચરતા તેમ બે ભેદવાળા આંતર શત્રુઓ અને આઠ કર્મથી રહિત જઘન્યથી દશ જીનેશ્વરોને કે જેઓ **उव्वीसा** ( **उर्वीशा** ) એટલે પૃથ્વીના સ્વામી છે—**च** અને જગતબન્ધુ છે એવા પ્રભુને હું વંદન કરૂં છું .

## પરિપાટી આઠમી ગા. ૧૫.

એકસોસાઠ જીન વંદન.

**अरिचत्ता अड दस गुण, असीइ गुणियायदोहिं सट्ठिसयं**
**सव्वेसु विजएसु, वंदामि जिणे विहरमाणा ॥ १५ ॥**

આઠને દશથી ગુણુતા ૮×૧૦=૮૦ એંશી થતા તેનેજ બે થી ગુણુતા ૮૦×૨= ૧૬૦ એકસોને સાઠ થાય છે. પાંચ મહાવિદેહની એકસોને સાઠ વિજયના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(ઉત્કૃષ્ટકાલે) વિહરમાન એકસો સાઠ જીનેશ્વરોને આંતર શત્રુ રહિત થઇ-નિષ્કપટપણે વંદન કરૂં છું.

## પરિપાટી નવમી ગા. ૧૬-૧૭.

### એકસો સિત્તેર જીનેશ્વરોને વંદન.

**अट्ठत्तिएगसेसे अट्ठहिंगुणियाय अट्ठ चउसठी**
**दस दस गुणियाय सयं, चत्तारिय दोय मेलाविया ॥ १६ ॥**
**सित्तरि सयं जिणंदा, एए पन्नरसुकम्म–भूमीसु**
**वंदामि विहरमाणा जइ समए अजियसामिस्स ॥ १७ ॥**

આઠ અને દશ એ બન્ને ડબ્બલ હોવા છતાં શેષ સ્વરૂપે એકાકી કહ્યા છે તેમ માની પરસ્પરનો ગુણાકાર કરવો એટલે આઠને આઠે ગુણતા ચોસઠ ૮x૮ ૬૪ અને દશને દશથી ગુણતાં ૧૦x૧૦=૧૦૦ થાય છે તેમાં ચાર અને બે મેળવવાથી ૬૪+૧૦૦+૪+૨=૧૭૦ એકસોને સિતેર થાય છે. આ રીતે પંદર કર્મભુમિની અંદર શ્રી અજીતનાથ ભગવાનને વખતે ઉત્કૃષ્ટ કાળે વિચરતા એકસોને સીત્તેર જીનેંદ્રોને ત્રિકાલાવછિન્ન વંદન કરૂં છું.

## પરિપાટી દસમી. ગા. ૧૮

### ત્રિચોવીશીના તીર્થંકરોને વંદન.

**अट्ठ दस चउहिं गुणिया, बावत्तरिं हुंति मरहेवासंमि,**
**तिण्णिवि चउवीसीओ, तित्थयराणं पणिवयामि ॥ १८ ॥**

ભરતક્ષેત્રની ભૂત, ભવિષ્ય, વર્તમાન, ચોવિશીના આઠ અને દશને ચારથી ગુણતાં ૮x૪=૩૨, ૧૦x૪=૪૦ બત્રીશ અને ચાળીશ થાય છે. આ ગુણાકારોની શેષમાં આવેલ રકમનો સરવાળો કરતા, ૩૨+૪૦=૭૨ બહોંતેર તીર્થંકરો થાય છે તેઓને હું પ્રણિપાત્ કરૂં છું.

## પરિપાટી એકાદશમી. ગા. ૧૯.

### "એકસો વીશ તિર્થંકરોને વંદન."

**चत्तारि अट्ठ बारस ते दस गुणिया सयंच वीसहियं**
**पंचवि चउवीसीओ पंचसुभरहेसु वंदामि ॥ १९ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાંચ ભરતક્ષેત્રની પાંચ ચોવિશીના ચાર અને આઠ ૪+૮=૧૨ તે બારને દશ ગણા કરવાથી આવેલ ૧૨×૧૦=૧૨૦ એકસોને વીશ તીર્થંકરોને પ્રણિપાત કરૂં છું.

## પરિપાટી બારમી ગા. ૨૦,

### પંદર ચોવીશીને વંદન.

**अट्ठदस गुणिय असिई, दसजुत्ता नवइ चउगुणा तेय,**
**तिण्णि–सयसठि, पण्णर–चउवीसी पंचभरहकाल तिगे ॥२०॥**

આઠને દશે ગુંણતા એંશી ૮×૧૦=૮૦ થાય છે અને તેમાં ૧૦ ઉમેરી ૮૦+૧૦=૯૦ આ પ્રમાણે આવેલી રકમને ચારે ગુણતાં થકા ૯૦×૪=૩૬૦ ત્રણુસો સાઠ થાય છે આ રીતે તૈયાર થએલ પાંચ ભરતક્ષેત્રના ત્રણે કાલની પંદર ચોવીશીના ત્રણુસો સાઠ તીર્થંકરોને હું નમસ્કાર કરૂં છું.

## પરિપાટી તેરમી–ગા. ૨૧–૨૨–૨૩.

### " અનેક ચોવીશી વંદન "

**बावत्तरि वीससयं, तिसया सठिच्चि भेयपुव्वुत्ता**
**ते दुगुणा संजाया, कमेण रासी इमे तिन्नि ॥ २१ ॥**

**चउयालसयं दुसया, चत्ता सत्तसयवीस–अहियाय**
**एएसिं चउवीसी, किज्जंति इमाओ ताओ कमा ॥२२॥**

**छ–दस तीसंएया, चउवीसी पुव्वभणिय अत्थेण**
**भरहेरवएसु सया, जुगवं भत्तीए वंदिज्जा ॥२३॥**

પૂર્વના ભેદોમાં દર્શાવેલી બ્હોંતેર એકસોવીસ અને ત્રણુસો સાઠની સંખ્યાને ડબલ કરતાં અનુક્રમે ૭૨×૨=૧૪૪ એકસો ચુમાલીશ ૧૨૦×૨=૨૪૦ બસો ચાલીશ અને ૩૬૦×૨=૭૨૦ સાતસો વીશની સંખ્યા આવે છે. અનુક્રમે એક ભરત તથા એક ઐરવતના ત્રણે કાલની છ ચોવીશીને, પાંચ ભરત તેમ પાંચ ઐરવતની વર્તમાન કાલીન દશ ચોવીશીને અને પાંચ ભરત તથા પાંચ ઐરવતની ત્રિકાલની ત્રિશ ચોવીશીને ભકિતભરથી વંદન કરૂં છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પરિપાટી ચૌદમી–ગા૦ ૨૪-૨૫.

### " ત્રિલોક ચૈત્ય વંદન "

**चत्तारि उड्ढलोए, णुत्तर–गेविज्ज–कप्प–जोईसु**
**अहलोय अठवंतर, दशभवणा हिवइ भवणेसु ॥ २४ ॥**
**दो तिरियलोय सासय–मसासए चेइए पणिवयामि**
**एवं तिन्निविलोए, सव्वे जिण चेइए वंदे ॥ २५ ॥**

ઉર્ધ્વલોકમાં, અણુત્તર, ગ્રૈવેયક, કલ્પ, અને જ્યોતિષ્ક આદિ ચાર પ્રકારના ચૈત્યોને, અધોલોકમાં, આઠવ્યંતર જાતિના આઠપ્રકારના ચૈત્યોને તથા અધોલોકનાજ દશભુવનાધિપતિના ભુવનોના દશ પ્રકારના ચૈત્યોને અને તિર્ચ્છાલોકના શાશ્વતાં તથા અશાશ્વતાં એમ બે પ્રકારના ચૈત્યોને પ્રણિપાત કરૂં છું. સાથે સાથે આ રીતે ત્રણ લોકના સર્વ જીન ચૈત્યોને પુનઃ પુનઃ સવિનય વંદન કરૂં છું

### " ઉપસંહાર અને ગ્રન્થકર્તા "

**चउदस परिवाडीओ,एवं चत्तारि–अठ–गाहए,**
**सिरि संघदास गणिणा, भणिया वसुदेव हिंडीए ॥२६॥**
**सिरि हीरविजयसूरि सर सीसा, कित्तिविजय–उवज्झाया**
**तेसिं सीसेण थुया, जिणाइमे विणयविजयेण ॥२७॥**

આ "**चत्तारि अट्ठ**" ગાથાની ચૌદ પરિપાટી શ્રી સંઘદાસ ગણીએ વસુદેવ હિંડીમાં કહેલ છે, તેમ શ્રી જગતગુરૂ હીરવિજયસૂરિશ્વરના શિષ્ય શ્રીમાન્ ઉપાધ્યાય, કીર્તિવિજયજીના શિષ્યરત્ન ઉપાધ્યાયશ્રી વિનયવિજયજીએ આ જીનેન્દ્ર સ્તુતિ રચી છે. અને લેખકે પોતાના માટે ગુજરાતી કર્યું

### " इति चत्तारि अट्ठ गाथा विवरण समाप्त "

**संवत् १९६८ वर्षे प्रथम भाद्रपद शुद १४ गुरौ गणिजीवविजयेन**
**लिखितं कच्छदेशे, धमडका नगरे श्रीमहावीर प्रासादात्**
**शुभं भवत्तु श्री श्रमणसंघस्य**

સંવત ૧૭૬૮ના વર્ષે પહેલા ભાદ્ર શુદિ ૧૪ ગુરૂવારે ગણિશ્રી જીવવિજયજીએ કચ્છદેશમાં ધમડકા નગરમાં શ્રીમહાવીર પ્રભુની કૃપા વડે લખ્યું
સમસ્ત સંઘના કલ્યાણ માટે થાઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન પરિસ્થિતિ.

આ પણી જૈન સમાજની શ્વેતાંબર સંપ્રદાયની સુષુપ્તાવસ્થા ક્યારે દૂર થશે ? અરે એની ગાઢ મૂર્છા ઉતારનાર કોઇ ધન્વંતરી ક્યારે પ્રગટશે ? એનો પ્રત્યુત્તરતો કોઇ વિશિષ્ટ જ્ઞાની આપે તે વિના લબ્ધ થઇ શકે તેમ નથીજ, છતાં વર્તમાન પરિસ્થિતિ પરથી ઉદ્ભવતા નીચેના પ્રશ્નો જરૂર આજે, કાલે કે પાંચ વરસે વિચાર્યા વગર હવે નહીંજ ચાલે. જાતે નિદ્રા નહિ તજાય તો ફરજીયાત છોડવી પડશે. આ રહ્યા એ પ્રશ્નો તે પણ વળી સામાન્ય પ્રકારની નહિં પણ જેને જીવન મરણની કક્ષામાં મૂકવામાં આવે છે તેવા વળી એકાદ બે નહિં પણ સંખ્યાબંધ. તેનો ઉકેલ આણવા સારૂ અથવા તો તેને વ્યવસ્થિત કરવા સારૂ, એકાદ શહેરનો સંઘ નહીંજ ચાલી શકે, ગમે તેવી એકાદ વિદ્વાન્ વ્યક્તિ પછી તે સાધુ હોય કિંવા ગૃહસ્થ તે પણ શકિતવાન્ નહીં થઇ શકે. એમાં તો સારાયે ફિરકાનું બળ જોઇશું 'संहतिः कार्य साधिका' અર્થાત્ 'ઝાઝા હાથ રળિયામણા' એ ઉકિતનું પાલન કરવું પડશે. એમાં ધનવાન, વિદ્વાન્ અને સેવા અર્પનાર રૂપ ત્રિપુટીનો યોગ સધાવો જોઇશે. ધન અને જ્ઞાન છતાં ક્રિયામાં મુકનાર વિના કાર્ય ક્યાંની કિંમત શૂન્યવત્ સમજી લેવી. હવે એ પ્રશ્નો તરફ દ્રષ્ટિ દોડાવીયે.

૧ **તીર્થોની તેમજ તેના હક્કોની સલામતી**—શ્રી શત્રુંજયતીર્થની તેમજ શ્રી કેશરીયાજી, મક્ષીજી, તારંગાજી અને પાવાપુરી આદિના કજીયાથી એટલું તો જરૂર સમજી રાખવું ઘટે કે એ સંબંધી પૂર્ણપણે ઉહાપોહ કરી, એકત્ર બળથી કમર કસવામાં નહીં આવે તો અને અત્યારસુધી જેમ થતું આવ્યું છે, તેમ મુગલાક રીતથી એટલે કે થતા હે હોતા હે એ રીતે કામ ચાલશે તો ખચીત માનવું કે એક સામટા નહિંતો કકડે બચકે આપણે અત્યારે જે હકકો ભોગવી રહ્યા છીએ તેપણ ગુમાવીશું અને કાયમને માટે પોતાનાજ સ્થાનમાં પરાયી સત્તાનો અંકુશ સ્વહસ્તે બહોરી લઇશું. ગમે તેવી એક સંસ્થા મોટી હોય તેથી શું થયું ? જ્યાં લગી તેને સારીયે જનતાનો હાર્દિક ટેકો ન હોય, અથવાતો સંચાલકોમાં પુરતી અવકાશ સાથેનો આંતર પ્રેમ ન હોય, અગરતો અનુભવી સલાહકારોની યોગ્ય સૂચનાઓ પ્રસંગોપાત મળતી રહેતી ન હોય, ત્યાં લગી છુટા હાથે ધન ભલેને વેરાતું હોય કે લાંબી લખાપટી ચાલતી હોય તેથી શું વળવાનું ! કદાચ ફળ આવે તો તે 'આખીરાત દળી કુળડીમાં વાળ્યા સરખું" હોવાનું. જૂદા જૂદા સંઘો યાને વહીવટ કર્ત્તાઓ જૂદી રીતે, પોતે માની લીધેલા પ્લાને વરસોના વરસો સુધી લડયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તેથી તીર્થ સંબંધી ઝગડાનો અંત આવી જાય એમ માનવું ભૂલ ભરેલું છે. નવિન ફણગા ફુટતાજ જાય છે અને સમય જતાં એકાદ બે વારના મેળવેલા જયો અંતે પરાજયના રૂપમાં ફેરવાઈ જઇ પુનઃ નવેસરથી લડવાનું ઉભું રહે છે. તીર્થરક્ષક કમિટિ જેવી અલગ સંસ્થાની અગત્ય છે. એટલું ઇશારારૂપ કહી એ વિષે વધુ વિચાર કરવાનો રાખી બીજા પ્રશ્ન તરફ વળીએ.

**૨. સાહિત્યપર થતાં આક્ષેપોમાંથી રક્ષણ**—આપણા જેવા પંચમકાળના જીવોને તરવાનાં સાધનોના એક મૂર્તિ યા તીર્થ સંબંધી વિચાર કરી ગયા બાદ ખાસ મહત્વના બીજા સાધન તરીકે ' આગમો અને આપણું સાહિત્ય ' આવે છે. ભાગ્યે જ કોઇ એવો જૈન મળી આવશે કે છેલ્લા કેટલાક માસમાં એ પર થયેલા અણછાજતા હુમલાઓથી અજાણ હશે ? જેના પાને પાનેથી ધર્મ–નીતિરૂપ વચનામૃતોની વર્ષા સતત્ વહ્યાં કરે છે, અરે જેમાં ઘડીભર ડોકીયું કરવા માત્રથી શાંતિની, સમતાની, સુમધુર લહરીયો આવી તપ્ત હૃદયને શીતળતા અર્પે છે; એવા વરિષ્ટ પ્રકારના સાહિત્ય માટે અથવાતો તેના પ્રયોજકો સારૂ લખનારાઓ ગમે તેમ ભરડી મારે એ કરતાં આપણી શકિતનું અન્ય દેવાળું કયું હોઇ શકે ?

**૩. ઘટતી જતી વસ્તી.**—વસ્તીપત્રકના આંકડા નિહાળતાં દીપકની માફક માલમ પડે છે કે સંખ્યામાં આપણે છેલ્લા પાટલે જતાં જઇએ છીએ. એના કારણો શોધવા જઇશું. આજે તો આપણે એકજ ધર્મ પાળનાર આપણા સ્વધર્મી બંધુઓમાં પણ નાના નાના ભેદો ઉપસ્થિત કરી આખી સમાજને વાડામાં વહેંચી દઇ એનું બળ એટલી હદે નષ્ટ કર્યું છે કે ભાગ્યે જ એકાદું ગામ એવું હશે જ્યાં કલેશનું નામ નહીં હોય ! નવા આવનાર માટે ઉભવાની જગ્યા નથી, જૂના છે તેમને પોતાના કરી લેવાની આવડત નથી. કેવલ ભૂતકાળના કક્કા ઘુંટયા કરવા છે અને આટલું ઓછું હોય એમ જાણી બાળલગ્ન અને વૃદ્ધ લગ્ન રૂપ દૈત્યો અહર્નિશ આપણને બોધ મળે છે છતાં આપણામાંજ જડ નાખી બેઠા છે, તેને મારી હઠાવવાની વાત તો વેગળી રહી પણ તેમાંથી આપણી જાતને મુકત કરવાના રસ્તા શોધવા યે નથી ગમતા, એવી વાતો કરનારાને સુધરેલા કહી નિંદા કરવામાં મોટાઈ માનનાર વર્ગ પણ હજુ આપણે ત્યાં છે. વસ્તી તે કયાંથી વધવાની છે અને શાસનના રસીયા તે શી રીતે બનાવીશું ! અંતરની ભાવના કે સમુદાયિક ધગશ વિના એ બનશે ખરૂં ?

**૪. સંઘ બંધારણની પુનઃરચના**—એક કાળ એવો હતો કે ' સંઘ બહાર ' ની શિક્ષાએ કાળા પાણીની શિક્ષા કરતાં પણ વધુ કપરી ગણાતી, તે કાળે એનો અમલ ન છુટકે જ કરાતો. પણ પાછળથી સંઘના આગેવાન ગણાતા માણસોમાં વિષમતા પેઠી અને તેઓ તે હુકમનો અમલ છાશવારે કરતાં થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારથી જ એનું મહત્વ ઘટી ગયું. સંઘમાં ગણાવા કરતાં કેટલાક સમજુઓ એ કાર્યથી અલગ રહેવા લાગ્યા અને જતે દિવસે શ્રી વીરનો ચતુર્વિધ સંઘ સંખ્યાબંધ શાખા–પ્રશાખામાં વહેંચાઇ ગયો. આજે તો એક શહેરના સંઘમાં પણ તડા દ્રષ્ટિ ગોચર થાય છે! શ્રીમાળી, ઓસવાળ કે પોરવાડ યાતો દશા–વીશાના ભેદો ત્યાં પણ આડખીલી કરી રહ્યા છે. પરમાત્મા મહાવીર દેવને રટણ કરનાર, તેમના કથિત ધર્મનું પાલન કરેનાર વ્યકિતઓ આજે એવા કલહોના કારણે સાથે બેસી ધર્મના જમણો પણ ન જમી શકે, અરે ઉપધાન જેવી કેવળ ધાર્મિક ક્રિયા પણ સાથે બેસી ન કરી શકે. અત્યારની આપણી સમજનો આ કદરૂપો નમુનો! સંઘના ઢીલા બંધારણોથી દેવદ્રવ્યાદિ ખાતાઓમાં કેટલીયે પોલ ચાલે છે, ઘણાએ કામો રખડે છે. હજુપણ નહિં ચેતીયે તો કેવી કઢંગી દશા થઇ પડશે એ કહેવું મુશ્કેલ છે.

**૫. સમાજીક રિવાજોમાં કરવા જોઇતા ફેરફારો**—જૈન ધર્મ જરૂર આત્મિક કલ્યાણ તરફ દોરવતો હોવાથી, સાંસારિક બાબતો સંબંધી તેમાં ખાસ સૂચનાઓ કે નિયમો દ્રષ્ટિગોચર થતા નથી, છતાં શ્રાદ્ધગણની કુશળતા અર્થે પૂર્વાચાર્યોએ એ સંબંધી ઓછુંવત્તુ જૂદા જૂદા ગ્રંથોમાં જરૂર આળેખેલું છે. વિવેકવિલાસ, શ્રાદ્ધવિધિ અને ધર્મબિંદુ પ્રકરણું આદિ પુસ્તકોને એની પૂર્તિમાં મૂકી શકાય. એકવાર એ વસ્તુનું દિગ્દર્શન તેમાંથી ન પણ જડતું હોય તો પણ દેશ કાળ જોઇ ઘટતા રિવાજો સમાજ કરી શકે છે. હવે મૂળ વાત પર આવતાં આપણી સમાજમાં ખાસ નજરે ચઢે તેવી બે બાબતો છે. બાળમરણ અથવા તો વધુમરણ પ્રમાણ અને વિધવાઓની વધતી જતી સંખ્યા. જન્મ્યા એ જરૂર મરવાના છતાં આપણી કસુરોને લઇને અથવાતો બિનઆવડતથી આવા મરણો નિપજતાં હોય તો એ વાત પર ખાસ લક્ષ આપવુંજ જોઇએ. છઠની સાતમ કોઇ કરનાર નથી એમ કહી સંતોષ પકડવો ન ઘટે. સાત પ્રકારે આયુષ્ય તુટે છે એ પ્રભુ વચન પર શ્રદ્ધા રાખી, એવી વાતોમાંથી કેમ બચી શકાય તેવા યત્નો સેવવા જોઇએ.

એવીજ બાબત બાળવિધવા સંબંધી છે. નસિબે વિધવા બનાવી એમ કહી નાંખવા કરતાં લગ્ન જોડતાંજ વિચાર કરવાની અગત્ય છે; એ સાથે કર્મયોગે તેવા બનાવો બને તો વિધવાઓ ઘરગથ્થુ હુન્નર દ્વારા સ્વપોષણ મેળવી, ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરી આત્મ ઉન્નતિના પંથે પળે તેવા વિધવાશ્રમો ખોલવાની જરૂર રહે છે. માતાઓને બાળરક્ષણ સંબંધી જ્ઞાન મળે એ અર્થે સારા પ્રમાણમાં એ વિષયને લગતી સૂચનાઓ ફેલાવવાની અગત્ય છે. પણ મુદ્દાની વસ્તુ તો એ છે કે જ્યાં લગી એ ઉભય કાર્યોને પેદા કરનારા મૂળોને દૂર કરવામાં ન આવે ત્યાં લગી મહત્વનો સુધારો નહીં થઇ શકે, તેથી એના મૂળો કયાં રહેલાં છે એ તપાસતાં આપણને આપણી લગ્ન પ્રણાલિકાપ્રતિ દ્રષ્ટિ ફેંકવી પડશે. એના ઉપાય તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાળલગ્ન અને વૃદ્ધલગ્ન ઉપર સખ્ત અંકુશો મુકવા પડશે તે વિના એ પ્રશ્નનો પૂર્ણ નિચોડ નહીંજ આવે. પાકી વય સિવાયના લગ્નોથી આપણા સંસારની ઘણી ભયંકર પાયમાલી થઇ રહી છે. જે જોડલાંઓ સંસાર વિષે યા પતિ–પત્નીની ફરજો વિષે અજ્ઞાત ભેટો અથવાતો જેના શરીરો પૂર્ણપણે હજુ વિકસ્વરપણે નથી થયાં હોતાં અગરતો જેમને હજુ અભ્યાસ કરવાનો હોય છે એમના જીવનો સાંધી, એમને સંસારની આંટી–ઘુંટીમાં પરોવી, આપણે સુફળ ચાખવાની આશા ધરીએ છીએ તે તો દૂર રહી પણ તેને બદલે નારીવર્ગમાં સંખ્યાબંધ રોગોનો જન્મ ( ખાસ કરી સુવાવડને લગતા ) અને પુરૂષ વર્ગમાં આજીવિકાદિની ચિંતાને અંગે વધુ જુવાન મરણો નિરખીએ છીએ.

વૃદ્ધ ઉમરના લગ્નો વિષે તો સૌ કોઇ જાણતું થયું છે. જે વય કેવળ પરભવની તૈયારી રૂપ ધર્મ ચિંતનમાં વ્યતીત કરવાની છે, તેમાં ઘોડે ચઢવાના મનોરથો કેમ ઉપજે છે એજ અજાયબી જેવું છે. પરણીને બે પાંચ વરસનું જીવન જીવી પ્રયાણ કરી જનાર વૃદ્ધોની વિધવાઓ આખું જીવન કેવીરીતે ગાળવાની હતી ! પવિત્રતા-ની રક્ષા કેટલી થશે ? ટુંકમાં આવા આવા સંખ્યાબંધ પ્રશ્નો છે. એ બંધ બેસતા ધારાધોરણ ઘડવાની અને તેનો ઇચ્છાપૂર્વક અમલ કરવાની અનિવાર્ય અગત્ય છે જે સંગઠન વિના પાર પડવાની નથી. સંગઠન વિષે હવે પછી વિચારી શું.

**મોહનલાલ દી. ચોકસી.**

# " શિખરપરથી દ્રષ્ટિપાત "

( ૨ )

જ્ઞાન પંચમી આ માસમાં એક મહાન્ દિવસ તરીકે આવી ગયો. આપણે જ્ઞાનનું– જ્ઞાન પંચમીનું સાચું મહાત્મ્ય કયારે શીખીશું ? વર્ષમાં એક દિવસ ભંડારનાં પાનાં ઉઘા-ડવાં, તેને ધૂપ કરવો અથવા તો બહુ થાય તો જાહેર રીતે બહાર મુકી શણગારવા શું આમાંજ આપણી ઈતિ કર્તવ્યતા છે. આજે એવાં ઘણાં ભંડારો છે કે તેનાં સુંદર પ્રાચિન પુસ્તકો ઉધઈઓનાં ભક્ષ્ય બને છે. પણ સૂર્યનો પ્રકાશ નથી પામતાં. જે જૈનો એકવાર જ્ઞાન લક્ષ્મીના જ ઉપાસક હતા તેઓ આજે માત્ર લક્ષ્મીના જ ઉપાસક બનતા જાય છે. આજે જ્ઞાન માત્ર ઉદર નિર્વાહ અર્થેજ પ્રાપ્ત કરાય છે. જે જ્ઞાન આત્મ વિકાસ ન સાધે, જે વિદ્યા આત્મભાન ન કરાવે તે જ્ઞાન અને તે વિદ્યાથી પણ શું ? આપણામાં આજે ધાર્મિક જ્ઞાનના અભ્યાસીઓ ઓછા થતા જાય છે. આ વીસમી સદીમાંજ એક યુગ એવો હતો કે ઠેર ઠેર પાઠશાળાઓ સ્થપાતી, તેને ઉત્તેજન આપવા ખૂબ પ્રયત્નો થતા તે વખતે અધ્યાપકોની ખામીજ હતી છતાં પાઠશાળાઓ સ્થપાતી અને આપણે આપણા બાળકોના ધાર્મિક જ્ઞાનમાં રસ લેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજે નિશાળોમાં એટલી બધી મહેનત વધી પડી છે કે આપણા બાળકોને ધાર્મિક જ્ઞાનશાળાઓમાં જવાની ફુરસદ નથી. તેમજ માબાપોને પુરી કાળજી પણ નથી. કેટલાએક વિદ્વાનો કહે છે કે આપણામાં જ્ઞાન વધ્યું છે, આપણી વેપારી સમાજમાં પણ હવે જ્ઞાન પિપાસા જાગી છે. પણ હું પુછું છું કે જે જ્ઞાન માત્ર ઐહિક સુખજ આપનાર હોય તે સાચું જ્ઞાન કહેવાય ખરૂં ! એકલા જડવાદના જ્ઞાનથી આત્મ વિકાસ કદી પણ થવાનો છે ખરો ?

આજથી ત્રણ સો વર્ષ પૂર્વ થયેલા જગદ્ ગુરૂ શ્રી હીરવિજય સૂરિને એકવાર આપણી દૃષ્ટિ સન્મુખ ખડા કરો તેમનો બાલ્યકાળ તપાસો તે શું ભણ્યા છે. " શ્રી હીરવિજયસૂરિ રાસકાર શ્રાવક કવિ. શ્રી ઋષભદાસજી શું કથે છે તે તેમની રસ ભરી વાણીમાંજ તપાસીએ.

" મુકયો મુનિવર કેરે સંગે, નવપદ શીખે મનને રંગે;
પંચેંદ્રિયઇરિયાવહી જે સકળ સુતરાં શીખ્યો તેહ.
નવ તત્વને જીવ વિચાર, ઉપદેશમાળા શીખ્યો સાર;
સંઘયણી યોગ શાસ્ત્ર વિચાર, થોડા દિન નર પામ્યો પાર.
આરાધના ભણતો ચઉશર્ણ, દર્શન સિત્તરી તે શુભકર્ણ;
ભણી સુત્રને અર્થલ્યે યદા, હીર વૈરાગી હુઓ તદા;
અનુક્રમે જાએ વરષજ બાર, બેસી હાટે કરે વ્યાપાર.

આ કાવ્યનો અર્થ તો સમજાય તેવો છે. બાર વર્ષનો બાળક જીવ વિચાર, નવ તત્વ, ઉપદેશમાળા, સંઘયણી, યોગશાસ્ત્ર, ચઉશરણપયન્નો, અને દર્શન સિત્તરીઆદિ ગ્રંથો અર્થ સહ ભણ્યો છે. એ કાંઇ ધર્મનુંજ શીખ્યો છે તેમ નથી; વ્યવહારીક જ્ઞાન પણ મેળવ્યું છે અને બારમે વર્ષે દુકાને બેસી ન્યાયથી વ્યાપાર કરે છે અત્યારના આપણા યુવાન વિદ્યાર્થીઓ કોલેજીયનો પોતાને તપાસે પોતે કેટલું જ્ઞાન મેળવ્યું છે. તે તે ગ્રંથો જોયા છે ? તેનાં દર્શન પણ કર્યા છે ? જો કે તદ્દન નહિંજ નીકળે એવું કહેવાનો મારો આશય નથી બહુ રત્નાની વસુંધરા છે. પરન્તુ આપણા યુવાનોમાંથી આ જડવાદની કેળવણીના પ્રતાપે ધર્મ શ્રદ્ધા–આસ્તિકતા ઘટતી જાય છે તેમાં તો લગારે સંશય જેવું નથી. આનું મુખ્ય કારણ એકજ છે કે બાલકને બાલ્યાવસ્થામાંજ સારા ધાર્મિક સંસ્કાર નથી પાડવામાં આવતા. બાલ્યાવસ્થામાંજ સારૂં ધાર્મિક જ્ઞાન હોય,—સાધાર્મિક સંસ્કારો પડ્યા હોય, તેનું તત્વ જ્ઞાન બરાબર સમજાયું હોય તો પછી મોટી ઉમ્મરે તે ગમે ત્યાં જાય, ગમે તે દર્શન શાસ્ત્રના ગ્રંથો ભણે, પણ મૂળ સંસ્કાર નહિં ભુલે, ભલે તે કદી રસ્તો ભૂલશે આડે માર્ગે જશે તો પણ પૂર્વના સજ્જડ સંસ્કારો તેને જાગૃત રાખશે. તે રસ્તેથી પાછો વાળશે. અન્તે સાચો માર્ગ જરૂર બતાવશે. આપણા યુવાનો કંઇક સમજે, આપણા કાર્યકર્તાઓ કંઇક જાગે અને સાચા જ્ઞાન પિપાસુઓ—જ્ઞાનના ઉપાસકો વધે તેને માટે યોગ્ય પ્રયત્નો કરે.

એક સમય એવો હતો કે માબાપો પોતાના બાળકોને સાધુ પાસે અભ્યાસ કરવા મુકતા. હીરહર્ષ (શ્રી હીર વિજય સૂરિશ્વરજી.) સાધુ પાસેજ ભણ્યા હતા. આપણામાં અત્યારે પણ ઘણા વિદ્વાનો એવા હતા અને છે કે જેમણે બાલ્યાવસ્થામાં સાધુઓ પાસે અભ્યાસ કર્યો હોય. દાખલા તરીકે અનોપચંદભાઇ, મૂળચંદભાઇ, ઝવેરભાઇ અને વિદ્યમાન કુંવરજીભાઇ. આદિના નામ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપી શકાય. આજે તો પ્રથમ એજ છે કે બાળકોને નિશાળના અભ્યાસમાંથી માથું ઉંચું કરવાની ફુરસદ નથી. અને ફુરસદ છે તો માબાપોને એટલી દરકાર નથી. અને બીજું સાધુઓ પાસે બાળકને ભણવા કેમ મુકાય? રખેને સાધુ થઇ જાય તો? આ હાઉથી ઘણા બીવે છે. પણ વસ્તુતઃ શું છે તે જોવાની અને જાણવાની દરકાર થોડાને છે. શું સાધુઓ પાસે ભણનાર બધા સાધુઓ જ થાય છે? ના જુઓ હરગોવિંદાસ પંડિત, બેચરદાસ પંડિત, આદિ ઘણા વિદ્વાન જૈનો સાધુઓ પાસેજ ભણ્યા છે. છતાં તેઓ નથી થયા સાધુ કે નથી તેમને કર્યા કોઇએ સાધુ? એટલે બધાને સાધુજ કરે છે તેવું જ કાંઇ નથી. વળી કેટલાએક માબાપો તો એવીજ માન્યતા ધરાવે છે કે છોકરાને ક્યાં સાધુ બનાવવો છે કે ધાર્મિક જ્ઞાન વધારે અપાવવું આ વિચારોથી પરિણામ શું આવે છે. તેનો ખ્યાલ હમણાં થોડાને આવશે પણ આપણેજ ભવિષ્યમાં પસ્તાવું પડશે. હવે સાચું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાય એને માટે એકજ રસ્તો છે કે ગુરૂકુલો, વિદ્યાલયો છાત્રાલયો, બાળાશ્રમો ઠેર ઠેર ઉઘાડવાં; પણ હવે આ સંબંધી હવે પછી વિચાર કરીશું તેના રસ્તા, સાચું જ્ઞાન, અને દૃષ્ટાંતો એ બધું હવે પછી.

શ્રી મુનશીના નામથી ભાગ્યેજ જૈનોમાં કોઇ અજાણ્યું હશે. પોતાની નવલકથાઓમાં જૈન પાત્રોને વિકૃત હલકા ચિતરી તેમણે આપણી લાગણી ઘણી ઘણીવાર દુ:ખાવી છે. વળી હમણાં તેમણે એક પત્રમાં "ગુજરાતનો જ્યોતિર્ધર" નામનો લેખ પ્રસિદ્ધ કરાવ્યો છે. પણ તેમાં ભૂલો સુધારવાને બદલે વધારી છે. એમ કહેવામાં લગારે અત્યુક્તિ જેવું નથી. તેમનાં કેટલાંએક વાક્યો વાંચવા જેવાં છે.

"જીન શાસનની સ્થિતિ તે વખતે કફોડી હતી. ગુજરાત સિવાય બીજે તેનું પ્રાબલ્ય નહોતું." આમ લખી તેઓ શું કરવા માગે છે તે નથી સમજાતું. તેઓ ભારતના ઇતિહાસથી અજાણ્યા હોય અને કાંતો ઇરાદાપૂર્વક ઇતિહાસની અવગણના કરતા હોય તેમ લાગે છે, આ સિવાય બીજું કશું નથી. પૂર્વ દેશમાં અને મહારાષ્ટ્રમાં તેમજ રાજપુતાના, લાટ, અને સૌરાષ્ટ્રમાં તેમનું જોર ખુબજ હતું—જૈન ધર્મ ત્યાં ફેલાયેલોજ હતો. જે વખતે ગુજરાત નામ પણ નહોતું પડયું ત્યારે લાટ અને સૌરાષ્ટ્ર આદિ દેશોમાં જૈન ધર્મોની વિજય પતાકા ફરકતી હતી. વલ્લભી, પ્રભાસપાટણ, અને ભરૂચ ( ભૃગુકચ્છ ) માં જૈન ધર્મની પુરેપુરી જાહોજલાલી હતી. જૈન ધર્મનાં મુખ્ય તીર્થ શત્રુંજય અને ગીરનાર સૌરાષ્ટ્રમાંજ આવ્યાં છે તેમજ સારાષ્ટ્રમાં મધુમતી (મહુવા) વર્ધમાનપુર, ( વઢવાણ શહેર. ) આ બાજુ આનંદપુર ( વડનગર ) ખેટકપુર અને પંચાસર, વટપદ્ર આદિ સ્થલે જૈન ધર્મના અનુયાયીઓ ખુબ હતા.

લગાર જુનો ઇતિહાસ તપાસો, ઇતિહાસ શું કથે છે? મથુરા અને ખારવેલના શિલાલેખો જુઓ તે શું સૂચવે છે? જૈન ધર્મનું પ્રાબલ્ય તેનો વિજયધ્વજ સૂચવે છે સમજ્યા મુનશીજી? અરે એ બધું દૂર રહ્યું તમારા આદ્યશંકરાચાર્યનો વિજયધ્વજ વાંચો ઠેર ઠેર જૈન અને બૌદ્ધ સાધુઓ સાથે તેને વાદમાં ઉતરવું પડે છે. ક્યાંક છળથી, ક્યાંક રાજ્ય બળથી અને ક્યાંક સ્વયં-શક્તિથી તે વિજય મેળવે છે; તે આ બધું શું સૂચવે છે જૈન ધર્મનું પ્રાબલ્ય અરે દ્વારિકાનું મંદિર કોનું છે? જૈન ધર્મનું છે? એ તોઇતિહાસ કહે છે. તો પછી મુનશીજીનાં ઉપર્યુક્ત વાક્યો શું કામ લખાયો હશે? છેવટે ભાઇ મુનશી જે લખે તે વિચારીને ઇતિહાસ વાંચીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેનો અભ્યાસ કરીને લખે તો સારૂં. આ લેખ જાણે તેમણે પરાણે લખ્યો હોય તેવું લાગે છે, તેમાં નથી તેમની રમતીયાળ પ્રવાહમયી ભાષા કે તેમાં નથી જોસ, જાણે અમુકજ લખવું તે ઇરાદાથી લખાયું છે.

તુલનાત્મક દૃષ્ટિ.

## જૈન સમાજને નમ્ર સૂચના.

આજે લગભગ અઢાર માસ થયા છતાં તીર્થયાત્રા ત્યાગનો તપ આપણે સેવી રહ્યા છીયે. કારતક શુદ ૧૫ અને યાત્રા કરવાના માસો શરૂ થયા છે છતાં, જ્યાં સુધી આપણે સંતોષકારક પરિણામ મેળવી શકીએ નહિ ત્યાંસુધી આ યાત્રાત્યાગરૂપ સંગીનશસ્ત્રને અપણે જે અખત્યાર કરેલ છે અને સર્વ દિશાએથી અને સર્વ કોઇ અત્યારસુધી વળગી રહ્યા છીયે તેને હવે પછી પણ આપણા મોભો જાળવવા અને સ્વમાનને વૃદ્ધિ થયેલી છે તે બરાબર સાચવી રાખવું અને જ્યાંસુધી શેઠ આણંદજી કલ્યાણજી તરફથી યાત્રા ખુલ્લી મુકવાનો ખાસ સંદેશો મળે નહિ ત્યાંસુધી યાત્રાત્યાગના ઠરાવને દરેક જૈન બંધુઓ અને બ્હેનોએ વળગી રહેવું. અને શ્રી સંઘની આજ્ઞાનો ભંગ કરવો નહિ એમ શેઠ આણંદજી કલ્યાણજી તરફથી હાલમાં થયેલ માનપૂર્વક આજ્ઞાને વળગી રહેવા અમો નમ્ર સુચના કરીયે છીએ.

# વર્તમાન સમાચાર.

### નવા સેક્રેટરીની નિમણુંક.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ મુંબઇ ઓફીસ તરફથી અમોને સમાચાર મળ્યા છે કે એકટીંગ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ રા૦ રા૦ શ્રીયુત મકનજી જે મહેતા બા૦ એટલો તથા મોહનલાલ બી૦ ઝવેરી સોલીસીટરે પોતાના રાજીનામાં આપ્યા છે જો કે તેમના પ્રત્વે સંપૂર્ણ વિશ્વાસ સ્ટેંડીંગ કમીટીએ જાહેર કરી અત્યાર સુધીના કાર્યની કદર બુઝી છે; ને તેવા યોગ્ય પુરૂષો માટે યોગ્ય થયું છે. પરંતુ સમાજ જાણવા માગે છે કે એવા તે કયા કારણો ઉત્પન્ન થયા છે કે આવા અનુભવી કાર્યવાહકો ઓચીંતા રાજીનામા આપવા પડયા છે. ગમેતેમ બન્યુ હોય પરંતુ અમો તેઓ બંને બંધુઓને નમ્ર સુચના કરીયે છીયે કે ગમે કારણોએ ભલે આપ જવાબદારીમાંથી ફારેગ થયાં, પરંતુ કોન્ફરન્સ પ્રત્યેની આપની લાગણી, ઉત્સાહ ઓછો ન થાય અને જરૂરી વખતે ભોગ આપવા માટે આપ દૂર ન રહો તેમ સમાજ ઇચ્છે છે. આ બંને બંધુઓનું જગ્યાનું જવાબદારીવાળું સ્થાન લેનાર રા૦ રા૦ શ્રીયુત શેઠ ચીનુભાઇ લાલભાઇ સોલીસીટરને અમે તે નિમણુંક સ્થાન લેવા માટે મુબારકબાદી આપીયે છીએ અને પૂર્ણ ઉત્સાહ અને લાગણી સાથે જૈન કોન્ફરન્સની જવાબદારી સંભાળી જૈનસમાજની સેવા કરવા તેઓશ્રી ભાગ્યશાળી નિવડો એમ અંતઃકરણ પૂર્વક ઇચ્છીએ છીયે.

નીચેના ગ્રંથો ભેટ મળ્યા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

શ્રી તત્વસંગ્રહ—<br>સમકીત સ્વરૂપ ભાવના. } શાહ ઘેલાભાઇ પ્રાણલાલ-કલોલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# જૈન આત્માનંદ સભા–ભાવનગર તરફથી

## પ્રસિદ્ધ થયેલા ગ્રંથોનું

(સંસ્કૃત-માગધી, મૂળ ટીકાના તથા ગુજરાતી ભાષાના ભાષાંતરના તથા જૈન ઐતિહાસિક વગેરે ગ્રંથાનું)

# સૂચીપત્ર.



વીર સંવત ૨૪૫૩ આત્મ સંવત ૩૨ વિક્રમ સંવત ૧૯૮૩

---

સૂચના—સિવાય અમારે ત્યાં જૈનધર્મનાં તમામ ગ્રંથો, જેવા કે–શાહ ભીમશી માણેક-મુંબઇ, શાહ મેઘજી હીરજી–મુંબઇ, શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર, શેઠ દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ–મુંબઇ, શાહ હીરાલાલ હંસરાજ–જામનગર, સલાત અમૃતલાલ અમરચંદ–પાલીતાણા, શ્રી જૈન સસ્તી વાંચનમાળા–ભાવનગર, વિગેરે પુસ્તકો પ્રકટકર્ત્તાના તમામ પુસ્તકો, તેમજ અન્યના પુસ્તકો, નકશાઓ, અને મુનિરાજ તથા તીર્થોના તેમજ શ્રી તીર્થંકર ભગવાન તથા શ્રીગૌતમસ્વામીના ફોટોગ્રાફ (છબીયો) અમારે ત્યાંથી મળશે. નફો જ્ઞાનખાતામાં જાય છે, જેથી મંગાવનારને તે પણ લાભ થાય છે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

આનંદ પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભા તરફથી અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલા ગ્રંથો.

( સંસ્કૃત, માગધી અને મૂળ ટીકાના ગ્રંથો. )

| નંબર. | | |
|---|---|---|
| + ૧ | સમવસરણ સ્તવઃ અવચૂરિ... | ૦-૧-૦ |
| + ૨ | ક્ષુલ્લકભવાવલી ... ... ... | ૦-૧-૦ |
| + ૩ | લોકનાલિકા દ્વાત્રિંશિકા. ... | ૦-૨-૦ |
| + ૪ | યોનિસ્તવઃ ... ... ... | ૦-૧-૦ |
| + ૫ | કાલસપ્તતિકા. ... ... ... | ૦-૧-૬ |
| + ૬ | દેહસ્થિતિ. ... ... ... | ૦-૧-૦ |
| + ૭ | સિદ્ધદંડિકા. ... ... ... | ૦-૧-૦ |
| + ૮ | કાય સ્થિતિ. ... ... ... | ૦-૨-૦ |
| + ૯ | ભાવ પ્રકરણ.... ... ... | ૦-૨-૦ |
| +૧૦ | નવતત્ત્વ ભાષ્ય. ... ... | ૦-૧૨-૦ |
| +૧૧ | વિચારપંચાશિકા ... ... | ૦-૨-૦ |
| +૧૨ | બંધષટ્ ત્રિંશિકા. ... ... | ૦-૨-૦ |
| +૧૩ | પરમાણું પુદ્ગલ, નિગોદ ષટ્ત્રિંશિકા ... ... ... | ૦-૩-૦ |
| +૧૪ | શ્રાવકવ્રત ભંગ પ્રકરણ. ... | ૦-૨-૦ |
| +૧૫ | દેવવંદન ભાષ્ય. ... ... | ૦-૫-૦ |
| ૧૬ | સિદ્ધપંચાશિકા. ... ... | ૦-૨-૦ |
| ૧૭ | અન્નાયઉંચ્છકુલકમ્ ... ... | ૦-૨-૦ |
| ૧૮ | વિચાર સપ્તતિકા. ... ... | ૦-૩-૦ |
| ૧૯ | અલ્પબહુત્વ શ્રી મહાવીર સ્તવ. | [illegible]-૨-૦ |
| +૨૦ | પંચસૂત્રમ્. ... ... ... | ૦-૬-૦ |
| +૨૧ | શ્રી જંબુચરિત્ર. ... ... | ૦-૪-૦ |
| +૨૨ | રત્નપાળનૃપકથા. ... ... | ૦-૫-૦ |
| ૨૩ | સુક્ત રત્નાવલી. ... ... | ૦-૪-૦ |
| ૨૪ | મેઘદૂત. ... ... ... | ૦-૪-૦ |
| ૨૫ | ચેતોદૂત ... ... ... | ૦-૪-૦ |
| +૨૬ | પર્યુષણાષ્ટાન્હિક વ્યાખ્યાન. ... | ૦-૬-૦ |
| +૨૭ | ચંપકમાલા કથા. ... ... | ૦-૬-૦ |
| +૨૮ | સમ્યક્ત્વકૌમુદિ. ... ... | ૦-૧૨-૦ |
| +૨૯ | શ્રાદ્ધગુણવિવરણ. ... ... | ૧-૦-૦ |
| +૩૦ | ધર્મરત્ન પ્રકરણ. ... ... | ૦-૧૨-૦ |
| +૩૧ | શ્રી કલ્પસૂત્રસુબોધિકા... ... | ૦-૦-૦ |
| +૩૨ | શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર. ... ... | ૫-૦-૦ |
| +૩૩ | ઉપદેશ સપ્તતિકા. ... ... | ૦-૧૩-૦ |
| +૩૪ | કુમારપાળ પ્રબંધ. ... ... | ૧-૦-૦ |
| +૩૫ | આચારોપદેશ.... ... ... | ૦-૩-૦ |
| ૩૬ | રોહિણી અશોકચંદ્ર કથા. ... | ૦-૨-૦ |
| +૩૭ | ગુરૂગુણષટ્ત્રિંશિકા. ... ... | ૦-૧૦-૦ |
| +૩૮ | જ્ઞાનસાર અષ્ટક મૂળ તથા ટીકા. | ૧-૪-૦ |
| +૩૯ | સમયસાર. ... ... ... | ૦-૧૦-૦ |
| +૪૦ | સુકૃતસાગર. ... ... ... | ૦-૧૨-૦ |
| +૪૧ | ધમ્મિલકથા. ... ... ... | ૦-૨-૦ |
| ૪૨ | પ્રતિમાશતક. ... ... ... | ૦-૮-૦ |
| ૪૩ | ધન્ય કથા. ... ... ... | ૦-૨-૦ |
| ૪૪ | ચતુર્વિંશતિજિન સ્તુતિ સંગ્રહ. | ૦-૬-૦ |
| ૪૫ | રોહણેય ચરિત્ર. ... ... | ૦-૨-૦ |
| +૪૬ | શ્રી ક્ષેત્રસમાસ... ... ... | ૧-૦-૦ |
| +૪૭ | બૃહત્ સંઘયણી. ... ... | ૨-૮-૦ |
| +૪૮ | શ્રાદ્ધવિધિ. ... ... ... | ૨-૮-૦ |
| +૪૯ | ષટ્દર્શન સમુચ્ચય મૂળ ટીકા... | ૩-૦-૦ |
| +૫૦ | પંચસંગ્રહ. ... ... ... | ૩-૮-૦ |
| ૫૧ | સુકૃત સંકિર્તન મહાકાવ્યમ્ ... | ૦-૮-૦ |
| +૫૨ | પ્રાચીન ચાર કર્મગ્રંથ સટીક. | ૨-૮-૦ |
| +૫૩ | સંબોધસિત્તરી... ... ... | ૦-૧૦-૦ |
| +૫૪ | કુવલયમાળા. ... ... ... | ૧-૮-૦ |

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલીકે નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



+૫૫ સામાચારી પ્રકરણ ... ... ૦-૮-૦
૫૬ કરૂણાવજ્રાયુધ નાટક. ... ૦-૪-૦
+૫૭ કુમારપાળ મહાકાવ્યમ્. ... ૦-૮-૦
+૫૮ શ્રી મહાવીર ચરિત્ર ... ... ૧-૦-૦
૫૯ કૌમુદિ મિત્રાણુંદ નાટકમ્ ... ૦-૬-૦
૬૦ પ્રબુદ્ધ રોહિણેયમ્ ... ... ૦-૫-૦
૬૧ ધર્માભ્યુદયમ્.... ... ... ૦-૪-૦
+૬૨ પંચનિર્ગ્રન્થી પ્રજ્ઞાપના તૃતીય પાદ સંગ્રહણી પ્રકરણ ... ૦-૬-૦
૬૩ રયણસેહરી કથા. ... ... ૦-૬-૦
૬૪ સિદ્ધ પ્રાભૃત સટીકમ્... ... ૦-૧૦-૦
+૬૫ દાનપ્રદીપ. ... ... ... ૨-૦-૦
૬૬ બંધ હેતુદયત્રિભંગી પ્રકરણ... ૦-૧૦-૦
૬૭ ધર્મપરિક્ષા. ... ... ... ૧-૦-૦
૬૮ સપ્તતિસત્ સ્થાન પ્રકરણ. ... ૧-૦-૦
૬૯ ચૈત્યવંદન મહાભાષ્ય. ... ૧-૧૨-૦
૭૦ પ્રશ્ન પદ્ધતિ ... ... ... ૦-૨-૦
૭૧ શ્રી કલ્પસૂત્ર કિરણાવલી. ...
૭૨ યોગદર્શન ( હિંદી ) ... ... ૧-૮-૦
૭૩ મંડલ-પ્રકરણ ... ... ૦-૪-૦
૭૪ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ ... ૦-૧૨-૦
૭૫ સુમુખ નૃપાદિ કથા... ... ૦-૧૧-૦
૭૬ જૈન મેઘદૂત ... ... ... ૨-૦-૦
૭૭ શ્રાવક ધર્મ વિધિ ... ... ૦-૮-૦
૭૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય. ... ... ૩-૦-૦
વસુદેવ હીંડિ છપાય છે.

( વગર નંબરના. )

૧ સુસઢ ચરિત્ર. ... ... ... ૦-૨-૦
૨ શ્રી અનુત્તરોવવાઇ સૂત્ર. ... ૦-૬-૦
૩ નળ દમયંતી મૂળ. ... ... ભેટ.
× ૪ મેરૂ ત્રયોદશી કથા ... ... ૦-૪-૦
× ૫ સુદર્શના ચરિત્ર (પ્રથમ ભાગ) ૦-૬-૦
× ૬ જલ્પમંજરી... ... ... ૦-૨-૦
× ૭ જૈન વૃત્ત ક્રિયા વિધિ.. ... ભેટ.
× ૮ સાધુઆવસ્યક ક્રિયાના સૂત્રો. ભેટ.

## પ્ર૦ શ્રી કાં૦ જૈન ઐતિહાસિક ગ્રંથ.

+ ૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી. ... ... ૧-૦-૦
+ ૨ કૃપારસકોષ ... ... ૧-૦-૦
+ ૩ શ્રીશત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ. ૦-૧૦-૦
+ ૪ પ્રાચીન જૈન લેખ... ... સંગ્રહ પ્રથમ ભાગ ... ૧-૦-૦
૫ દ્રૌપદી સ્વયંવર નાટક ... ૦-૪-૦
૬ પ્રાચીન લેખ સંગ્રહ ભા. ૨ જો. ૩-૮-૦
૭ જૈન ઐતિહાસિક ગુર્જર ... કાવ્ય સંચય. ... ... ૨-૧૨-૦

## અન્ય ગ્રંથો.

૧ તત્ત્વ નિર્ણય પ્રાસાદ. ... ૧૦-૦-૦
૨ સિદ્ધાંત મુક્તાવલી. ... ૦-૪-૦
૩ જૈન ભાનુ. ... ... ૦-૮-૦
૪ વિશેષ નિર્ણય. ... ... ૦-૪-૦
૫ વિમલ વિનોદ. ... ... ૦-૧૦-૦
૬ સજ્જન સન્મીત્ર.... ... ૪-૦-૦
૭ અભયકુમાર ચરિત્ર ભાગ ૧ લો. ૨-૪-૦
૮ અભયકુમાર ચરિત્ર ભાગ ૨ જો. ૩-૦-૦
૯ શ્રી ગૌતમ સ્વામીની છબી રંગીન. ૦-૧૦-૦
૧૦ શ્રી મહાવીર સ્વામીની છબી રંગીન. ૦-૮-૦
૧૧ સત્તર ભેદી પૂજા ( હારમોનીયમ નોટેશન-સારીગમ સાથે. ) ... ૦-૪-૦
૧૨ ચૌદ રાજલોક પૂજા. ... ૦-૧-૦
૧૩ સમ્યક દર્શન પૂજા... ... ૦-૧-૦
૧૪ શ્રી નયોપદેશ સંસ્કૃત. ... ૧-૦-૦
૧૫ શ્રી ગાંગેય ભંગ પ્રકરણ સંસ્કૃત. ૦-૪-૦
૧૬ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ... ૧-૮-૦
૧૭ સઝાય માળા ભાગ ૧ થી ૪ દરેકના... ... ... ... ૨-૦-૦

+ આ નીશાનીવાળા પુસ્તકો સીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગુજરાતી ભાષાના-ભાષાંતર વગેરેના ગ્રંથો.

૧ જૈન તત્ત્વાદર્શ. ... ... ૫-૦-૦
+ ૨ અજ્ઞાનતિમિરભાસ્કર. ... ૨-૮-૦
૩ ધર્મબિન્દુગ્રંથ. બીજી આવૃત્તિ. ૨-૦-૦
૪ આત્મપ્રબોધગ્રંથ. ... ... ૨-૮-૦
+ ૫ ધ્યાનવિચાર ... ... ૦-૩-૦
૬ શ્રી પ્રકરણ સંગ્રહ. ... ... ૦-૪-૦
૭ શ્રાવક કલ્પતરૂ. ... ... ૦-૬-૦
+ ૮ આત્મોન્નતિ. ... ... ૦-૧૦-૦
+ ૯ પ્રકરણપુષ્પમાળા. ... ... ૦-૬-૦
૧૦ વિવિધ પૂજા સંગ્રહ. ... ... ૧-૮-૦
૧૧ જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. ૦-૮-૦
૧૨ કુમારવિહારશતક. ... ... ૧-૮-૦
+૧૩ દેવસીરાઇ પ્રતિક્રમણ. ... ૦-૩-૦
૧૪ હંસવિનોદ. ... ... ... ૦-૧૨-૦
૧૫ પ્રશ્નોત્તર પુષ્પમાળા. ... ૦-૧૪-૦
૧૬ નવતત્ત્વનો સુંદરબોધ. ... ૦-૧૦-૦
૧૭ આત્મવલ્લભ સ્તવનાવળી. ... ૦-૬-૦
૧૮ જીવવિચારવૃત્તિ. ... ... ૦-૬-૦
૧૯ દંડક વિચારવૃત્તિ. ... ... ૦-૮-૦
૨૦ નયમાર્ગદર્શક. ... ... ૦-૧૨-૦
૨૧ જૈન તત્ત્વસાર મૂળ તથા ...
ભાષાંતર. ... ... ... ૦-૬-૦
+૨૨ સદર ભાષાંતર. ... ... ૦-૨-૦
૨૩ મોક્ષપદ સોપાન. ... ... ૦-૧૨-૦
૨૪ શ્રીજંબુસ્વામી ચરિત્ર. ... ૦-૮-૦
૨૫ નવાણુ પ્રકારી પૂજા અર્થ સાથે. ૦-૮-૦
૨૬ જૈન ગ્રંથ ગાઇડ. ... ... ૧-૦-૦
૨૭ તપોરત્નમહોદધિ ( તપાવલી )
ભાગ ૧, ૨ જો. ... ... ૧-૦-૦
૨૮ વિવિધપૂજાસંગ્રહ નવી આવૃત્તિ. ૧-૮-૦
૨૯ શ્રી સમ્યક્ત્વ સ્વરૂપ સ્તવ. ... ૦-૪-૦
+૩૦ શ્રીશ્રાદ્ધગુણ વિવરણ. ... ૨-૦-૦
૩૧ ચંપકમાલા કથા. ... ... ૦-૮-૦
+૩૨ કુમારપાળચરિત્ર. ... ... ૦-૬-૦
૩૩ સમ્યક્ત્વ કૌમુદિ. ... ... ૧-૦-૦
૩૪ પ્રકરણપુષ્પમાલા. ( ૨ ) ... ૦-૮-૦
+૩૫ અનુયોગ દ્વારસૂત્ર. ... ... ૦-૫-૦
૩૬ અધ્યાત્મ મત પરિક્ષા. ... ૦-૪-૦
૩૭ ગુરૂગુણ છત્રીશિ. ... ... ૦-૬-૦
૩૮ શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવળી. ૦-૫-૦
૩૯ આત્મકાંતિ પ્રકાશ. ... ... ૦-૮-૦
૪૦ જ્ઞાનામૃત કાવ્યકુંજ. ... ... ૦-૮-૦
+૪૧ દેવભક્તિમાળા પ્રકરણ. ... ૧-૦-૦
૪૨ ઉપદેશ સપ્તતિકા. ... ... ૧-૦-૦
૪૩ સંબોધ સપ્તતિકા. ... ... ૧-૦-૦
૪૪ પંચ પરમેષ્ટી ગુણ રત્નમાળા. ૧-૮-૦
૪૫ શ્રી નેમનાથ ચરિત્ર. ... ... ૨-૦-૦
૪૬ સુમુખ નૃપાદિ કથા. ... ... ૧-૦-૦
૪૭ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧લો. ૨-૦-૦
૪૮ આદર્શ જૈન સ્ત્રીરત્નો. ... ૧-૦-૦
૪૯ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો. ૨-૮-૦
૫૦ દાન પ્રદીપ. ... ... ... ૩-૦-૦
૫૧ શ્રીનવપદજી પૂજા અર્થ સહિત. ૧-૪-૦
૫૨ કાવ્ય સુધાકર... ... ... ૨-૮-૦
૫૩ આચારોપદેશ.... ... ... ૦-૮-૦
૫૪ ધર્મ રત્ન પ્રકરણ. ... ... ૧-૦-૦
૫૫ પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત. ૧-૧૨-૦
૫૬ આત્મવિશુદ્ધિ ... ... ... ૦-૬-૦
૫૭ શ્રી કુમારપાળ પ્રતિબોધ. ... ૩-૧૨-૦
શ્રીવિમલનાથ ચરિત્ર છપાય છે.
શ્રીપ્રભાવક ચરિત્ર. "

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

+ આ નિશાનીવાળા પુસ્તકો શીલકમાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસિકના સુજ્ઞ ગ્રાહકોને વધારાની ભેટની બુક.

આગમાનુસાર મુહપત્તિ નિર્ણય—નામની બુક ઉપાધ્યાયજી મહારાજશ્રી સુમતિસાગરજી શિષ્ય પં૦ શ્રી મણિસાગરજી મહારાજના તરફથી, અમારા આ માસિકના માનવંતા તમામ ગ્રાહકોને ભેટ આપવા અમોને મળેલી છે. ધારા પ્રમાણે ભેટની બુક જે અપાય છે તે ઉપરાંત આ વધારાની ભેટ આત્માનંદ પ્રકાશના તમામ ગ્રાહકોને ભેટ આપવાની છે, જેથી દરેક ગ્રાહક મહાશયે પોષ્ટની એક આનાની ટીકીટ મોકલી ઉપરની ભેટની બુક મંગાવી લેવા નમ્ર સુચના છે. ઉપરોક્ત મુનિ મહારાજાઓનો તે માટે ઉપકાર માનવામાં આવે છે.

---

## " જૈન પંચાંગ " ( કાર્તકી ) ગ્રાહકોને ભેટ.

ચાલુ વર્ષના જૈન પંચાગ—જૈન બંધુઓ પોતાના આચાર, અને ધાર્મિક દરેક ક્રિયામાં ઉપયોગ રાખી આત્મિક લાભ પ્રાપ્ત કરે તે માટે અમોએ પ્રકટ કરેલ છે. આ માસિકના ગ્રાહકોને આ સાથે ભેટ મોકલેલ છે. અન્ય માટે મુદ્દલ કિંમત માત્ર પોણો આનો ( નવ પાઇ ) પારટેજ જુદું.

---

## સુચના.

આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ શ્રી નવતત્ત્વનો સુંદર બોધ, શ્રી જીવવિચાર વૃત્તિ તથા શ્રી દંડક વિચાર વૃત્તિ આ ત્રણ ગ્રંથો ( મૂળ, ભાષ્ય અને ભાષાંતર સાથે ) જૈન પાઠશાળા, કન્યાશાળા, વિદ્યાશાળામાં ખાસ ચલાવવા યોગ્ય તેમજ ધાર્મિક શિક્ષણ માટેના અતિ ઉપયોગી હોઇ તે ત્રણ બુકો આ સભા તરફથી તેવી ધાર્મિક શાળાઓને ભેટ આપવાની છે. ત્રણ વર્ષ કરતાં વધારે વર્ષ થયા ચાલતી કોઇપણ શાળાઓના વ્યવસ્થાપકોએ તે તે ગામના મુખ્ય અગ્રેસરની લેખીત ભલામણ મોકલવાથી ( શીખનારની સંખ્યા સાથે લખી મોકલવાથી ) માત્ર પારસલ કે પોસ્ટ ખર્ચ લઇ સીલીક હશે ત્યાં સુધી ભેટ મોકલવામાં આવશે.

---

# આવતી સાલમાં શું વાંચશો ?

## સં. ૧૯૮૪ ની સાલના પુસ્તકો માગશર માસમાં તૈયાર થશે.
## માટે ચાલુ સાલથીજ ગ્રાહકમાં નામ લખાવો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મગધરાજ શ્રેણિક ચરિત્ર | પૃષ્ટ | ૩૫૦ | ૧–૮–૦ |
| ૨ | શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર | ,, | ૩૫૦ | ૧–૮–૦ |
| ૩ | પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ | ,, | ૨૫૦ | ૧–૪–૦ |
| ૪ | માનતુંગ–માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા | ,, | ૧૦૦ | ૦–૬–૦ |
| | | | ૧૦૫૦ | ૪-૧૦-૭ |

ગ્રાહકોને રૂા. ૩) અને પોસ્ટ ખર્ચના રૂા. ૦–૧૦–૦ મળી રૂા. ૩–૧૦–૦

**ખાસ યાદી**—શેઠશ્રી નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલો મહાસંઘ વર્તમાનકાળના ઇતિહાસમાં મશહુર છે. આ સંઘ–યાત્રાની હકીકતનું દળદાર પુસ્તક ૧૫–૨૦ ચિત્રો સાથે પ્રગટ થાય છે. અગાઉથી ગ્રાહક થનારને રૂા. ૨) પાછળથી રૂા. ૨–૮–૦ પોસ્ટ ખર્ચ અલગ.

**લખો —શ્રી જૈન સસ્તી વાંચનમાળા. રાંધનપુરી બજાર–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી કુમારપાળ પ્રતિબોધ-ભાષાંતર.

અખિલ વિદ્યાપારંગત, સકલશાસ્ત્રનિષ્ણાત, જ્ઞાનના મહાસાગર, કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે** ગુજરાતના પ્રખ્યાત ચૌલુક્ય **રાજા કુમારપાળ મહારાજને** સમયે સમયે જૈનધર્મનો બોધ, વિવિધ વ્યાખ્યાનદ્વારા તે તે વિષયોની અનેક સુંદર રસિક કથાઓ સહિત આપેલ, કે જેની અસરથી કુમારપાળ નરેશે જૈનધર્મનો સ્વીકાર ( શિવધર્મ છોડી દઇ ) ક્રમશઃ કેવી રીતે કર્યો, અને સનાતન જૈનધર્મનો સ્વીકાર કરી મહારાજા કુમારપાળે કરેલ જિન ધર્મની અતુલ પ્રભાવના, વગડાવેલ જીવદયાનો ( અહિંસા ધર્મનો ) ડંકો, કરેલ તીર્થ અને રથયાત્રા, કરવામાં આવેલ શાસનની વિપુલ પ્રભાવના, રાજાની દિવસ તથા રાત્રીની ચર્યા ( રાજકીય વ્યવહારિક તેમજ ધાર્મિક કર્તવ્યપાલના ), નૃપતિની ઉચ્ચ ભાવના, નિત્ય સ્મરણ વગેરે અનેક બનાવો આ સર્વ સરલ, સુંદર, રસિક, હોવાથી દરેક વાંચકના હૃદય ઓતપ્રોત થઇ જતાં વૈરાગ્ય રસથી આત્મા છલકાઈ જઇ મોક્ષનો અભિલાષી બને છે. આ ગ્રંથ જૈનેતર વાંચે તો જૈન બની જાય, તો જૈન કુળમાં જન્મેલ વાંચતાં પરમ જૈન બને તે નિર્વિવાદ છે.

સાહિત્યના સાગરના તરંગોને ઉછાળનાર, શાંત રસાદિ સૌંદર્યથી સુશોભિત, અને ભવ્ય-જનોને રસભર કથાઓના પાન સાથે, સત્ય ઉપદેશ અને સદ્જ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર, આ ગ્રંથના લેખક શ્રી સોમપ્રભાચાર્ય મહારાજ છે, કે જે રાજા કુમારપાળના સમકાલીન વિદ્યમાન ( હૈયાત ) હતા. આ ગ્રંથ કુમારપાળ રાજાના સ્વર્ગવાસ પછી ૧૧ મે વર્ષેજ લેખક મહાત્માએ લખેલ છે જેથી તેની તમામ ઘટનાનો તેજ સત્ય પુરાવો છે.

આ ગ્રંથના પઠન પાઠનથી મહામંગળરૂપ ધર્મ, તેની પ્રાપ્તિ થતાં આત્મજ્ઞાનની ભાવનાઓ પ્રગટ થતાં નિર્મળ સમ્યકત્વ, જૈનત્વ, અને છેવટે પરમાત્મત્વ પ્રકટ કરાવનાર એક ઉત્તમ અને અપૂર્વ રચના છે, કે જે શેઠ શ્રી નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સીરીઝ તરીકે ( મદદવડે ) છપાયેલ છે.

શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી તથા પરમાર્હત કુમારપાળ મહારાજા બંને મહા પુરૂષોની વિવિધ રંગોથી ભરપૂર છબીઓ કલાની દષ્ટિએ મોટો ખર્ચ કરી બહુજ સુંદર, આકર્ષક, જિજ્ઞાસુઓને દર્શન કરવાની અભિલાષા પૂર્ણ કરવા માટે તૈયાર કરાવી આ ગ્રંથમાં દાખલ કરેલ છે.

ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપોથી છપાવી, સુશોભિત કપડાના પાકા બાઇંડીંગથી બંધાવી આ અમુલ્ય ગ્રંથને અલંકાર રૂપે તૈયાર કરેલ છે. સુમારે સાઠ ફોર્મ રોયલ સાઇઝ આઠપેજી પાંચસેંહ પાનાના આ ગ્રંથની રૂા. ૩-૧૨-૦ પોણાચાર રૂપૈયા કિંમત રાખેલ છે. જૈન નામ ધરાવનારા કોઇ પણ બંધુ બ્હેનના ગૃહમાં, નિવાસ સ્થાનમાં અને નિરંતર અભ્યાસ માટે પોતા પાસે આ ગ્રંથ હોવોજ જોઇએ.

લખોઃ—

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only